# જૈન શિક્ષાવલી



લેખક:

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ.

જીવનનું ધ્યેય

શ્રેણી પહેલી
૧

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## પ્રથમ શ્રેણીનાં ૧૨ પુસ્તકો

૧ જીવનનું ધ્યેય
૨ પરમપદનાં સાધનો
૩ ઇષ્ટદેવની ઉપાસના
૪ સદ્ગુરુસેવા
૫ આદર્શ ગૃહસ્થ
૬ આદર્શ સાધુ
૭ નિયમો શા માટે?
૮ તપની મહત્તા
૯ મંત્રસાધન
૧૦ યોગાભ્યાસ
૧૧ વિશ્વશાંતિ
૧૨ સફલતાનાં સૂત્રો

શ્રેણીનું મૂલ્ય રૂા. ૬–૦૦. પોસ્ટેજ ૧–૦૦ અલગ. માત્ર ગણતરીની નકલો જ બાકી રહી છે, માટે તમારી નકલ આજે જ મેળવી લો તથા હવે પછી પ્રગટ થનારી બીજી શ્રેણીના ગ્રાહક બનો.

---

નોંધ:–બારમા નિબંધને છેડે આખી શ્રેણીનું શુદ્ધિપત્રક આપ્યું છે, તે પ્રમાણે સુધારો કરી પુસ્તકોનો ઉપયોગ કરવા વિનંતિ છે.

જૈન શિક્ષાવલી : પુષ્પ પહેલું

# જીવનનું ધ્યેય

★

લેખક :

સાહિત્યવારિધિ શતાવધાની પંડિત
શ્રી ધીરજલાલ ટોકરશી શાહ

★

પ્રકાશક :
જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
મુંબઈ-૯.

મૂલ્ય : પચાસ નયા પૈસા

પ્રકાશક :

નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ,
ચીંચ બંદર, મુંબઈ-૯.

પહેલી વાર ૨૦૦૦
સં. ૨૦૧૫, સને ૧૯૫૯
સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

મુદ્રક :-
મણિલાલ છગનલાલ શાહ.
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ,
ઘીકાંટા રોડ, અમદાવાદ.

# પ્રકાશકનું નિવેદન

**જૈન** મહર્ષિઓએ જીવનની સુધારણા માટે જે તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું છે તથા જે આચારની પ્રરૂપણા કરી છે, તે સહુ સરલતાથી સમજી શકે તે માટે **જૈન શિક્ષાવલી**ની યોજના હાથ ધરવામાં આવી છે. હાલ તેમાં બાર પુસ્તકો પ્રકટ કરવામાં આવે છે, પરંતુ સંયોગો વધારે સાનુકૂળ દેખાશે તો તેમાં બીજાં પુસ્તકો પણ પ્રકટ કરવામાં આવશે.

**આ** પુસ્તકો દીર્ઘ ચિંતન-મનનનાં પરિણામે સુંદર શૈલિમાં લખાયેલાં છે. એટલે તે સહુને પસંદ પડશે એમાં શંકા નથી.

જૈન શિક્ષાવલીની યોજના સાકાર બની તેમાં અનેક મુનિરાજો, સંસ્થાઓ અને ગૃહસ્થોનો સહકાર નિમિત્તભૂત છે. ખાસ કરીને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયલક્ષ્મણસૂરીશ્વરજી, તેમનાં વિદ્વાન્ શિષ્યરત્ન મુનિરાજશ્રી કીર્તિવિજયજી, પ. પૂ. આ. મહારાજશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજીનાં શિષ્યરત્નો પૂ. પં. મહારાજ શ્રીભદ્રંકરવિજયજી, પૂ. મુ. શ્રી ભાનુવિજયજી, તથા પૂ. મુ. શ્રી કુંદકુંદવિજયજી તેમજ પ. પૂ. આ. મહારાજશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી, તેમનાં શિષ્યરત્ન મુ. શ્રી રૈવતવિજયજી અને પ. પૂ. આ. મહારાજશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્યરત્ન પૂ. પં. મ. શ્રી ધુરંધરવિજયજી તથા પ. પૂ. આ. મહારાજશ્રી વિજયધર્મસૂરિજીનાં શિષ્યરત્ન મુનિશ્રી યશોવિજયજી વગેરેએ આ યોજનાને સત્કારી તેને વેગ આપવામાં કિંમતી સહાય આપી છે, તે માટે તેમનો ખાસ આભાર માનીએ છીએ. ઉપરાંત શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ ચંદુલાલ વર્ધમાન, શેઠ ચતુરભાઇ નગીનદાસ (બેલગામવાળા), શ્રીમાન બી. કે. શાહ, યોગી શ્રી ઉમેશચંદ્રજી. શ્રી નાગકુમાર મકાતી તથા જૈનધાર્મિક શિક્ષણસંઘ-મુંબઈના કાર્યવાહકો શ્રી પ્રાણજીવન હ. ગાંધી વગેરેએ આ કાર્યમાં સહકાર આપી અમને ઉત્સાહિત કર્યા છે, તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ. આ પુસ્તકોમાં વિજ્ઞાપન આપનાર દરેક સંસ્થાઓના પણ અમે આભારી છીએ.

પ્રકાશક.

## વિષયાનુક્રમ


૧ પ્રાસ્તાવિક
૨ જીવન અંગે જૈન ધર્મનું દૃષ્ટિબિંદુ
૩ મનુષ્યભવની દુર્લભતા
૪ આપણાં વિચિત્ર વર્તન પર મધુબિંદુનું દૃષ્ટાંત
૫ સંસારમાં સુખ ક્યાં છે ?
૬ મહેશ્વરદત્તની કથા
૭ ભોગની નિઃસારતા
૮ ધર્મની ઉપાદેયતા
૯ ધર્મ પર થતા આક્ષેપનું નિવારણ
૧૦ ધર્મારાધનને જ જીવનનું ધ્યેય બનાવવું જોઈએ
૧૧ ધ્યેયની પ્રાપ્તિ ક્યારે થાય ?
૧૨ વિચારશક્તિનું મહત્ત્વ
૧૩ ચાર પંડિતોની વાર્તા
૧૪ બુદ્ધિના આઠ ગુણો કેળવવાની જરૂર


★

॥ ॐ ह्रीँ अर्हं नमः ॥

# જીવનનું ધ્યેય

## ૧–પ્રાસ્તાવિક

જૈન મહર્ષિઓની જગહિતકારિણી શિક્ષાનો સાર બાર નિબંધોમાં તૈયાર કરવાનો મનોરથ આજે સાકાર થઈ રહ્યો છે, એટલે અમારાં હૃદયમાં આનંદની ઊર્મિઓ ઉઠી રહી છે.

વિચારોને વાણીમાં ઉતારવા અને તેને અક્ષરબદ્ધ કરવા એ ઘણું અઘરું કામ છે, પણ તે લાંબા વખતના મહાવરાથી સિદ્ધ થઈ શકે છે. આ કાર્યમાં અમને કેટલી સફળતા મળી છે? તેનો નિર્ણય તો પાઠકો પોતે જ કરી શકશે, એટલે તે સંબંધી અમારું કંઈ વકતવ્ય નથી.

જો જીવનનું ધ્યેય નક્કી થાય તો જ પ્રવૃત્તિઓ યથાર્થ રીતે ગોઠવી શકાય અને સિદ્ધિ કે સફળતાને વરી શકાય, એટલે પ્રથમ નિબંધમાં 'જીવનનું ધ્યેય' એ વિષય નક્કી કરવામાં આવ્યો છે.

## ૨–જીવન અંગે જૈન ધર્મનું દૃષ્ટિબિંદુ

જીવન શબ્દ સહુને પરિચિત છે, પણ તે સંબંધી પ્રશ્નો કરવામાં આવે તો તેના યોગ્ય ઉત્તરો બહુ થોડા આપી શકશે, એટલે પ્રથમ વિચાર તેનો કરીએ.

જીવન એ કલ્પના કે સ્વપ્ન નથી પણ એક જાતની ક્રિયા છે, તે આપણે રોજના અનુભવથી બરાબર જાણી શકીએ છીએ. 'હું જીવું છું' કે 'અમે જીવીએ છીએ,' એમ કહેવાનો અર્થ એ જ છે કે 'મારામાં–આપણામાં જીવનની ક્રિયા ચાલી રહેલી છે.'

આ જીવવાની ક્રિયા પ્રાણીઓમાં હોય છે, પણ જડ પદાર્થોમાં હોતી નથી. 'આ ગાય જીવે છે,' 'આ પારેવું જીવે છે,' એમ આપણે કહીએ છીએ, પણ 'આ લાકડી જીવે છે,' 'આ છત્રી જીવે છે' કે 'આ જોડા જીવે છે,' એમ આપણે કહેતા નથી.

જે પ્રાણને ધારણ કરે તે પ્રાણી કહેવાય છે, એટલે આપણે પ્રાણથી પરિચિત થવું જોઈએ. કેટલાક કહે છે કે ઉષ્ણતા એ જ પ્રાણ છે અને તે સૂર્યમાંથી પ્રાપ્ત થાય છે. તેને માટે શાસ્ત્રમાં હિરણ્યગર્ભ એવો શબ્દ વપરાયેલો છે. કેટલાક કહે છે કે વાયુ એ જ પ્રાણ છે. તેની સાબીતી એ છે કે જો પ્રાણી શ્વાસોચ્છવાસ લેતું બંધ થાય તો તે સદ્ય મરણ પામે છે. કેટલાક કહે છે કે પ્રાણ એ એક જાતનો સૂક્ષ્મ પદાર્થ છે અને તે રુધિરશુદ્ધિ વગેરે જીવનોપયોગી કાર્યો કરે છે. આમ પ્રાણ વિષે ઘણા મતો પ્રવર્તે છે, પરંતુ ઊંડો વિચાર કરવામાં આવે તો તેનાથી આપણાં મનનું સમાધાન થઈ શકતું નથી.

જો ઉષ્ણતા એ જ પ્રાણ હોય અને તેનાથીજ જીવન સંભવિત બનતું હોય તો મૃત્યુ પામેલા પ્રાણીને યોગ્ય પ્રમાણમાં ઉષ્ણતા આપવાથી તે સજીવન થવું જોઈએ, પણ

તેમ થતું નથી. અથવા વાયુ એજ પ્રાણ હોય તો મૃત્યુ પામેલા પ્રાણીને વાયુ આપવાથી તે સજીવન થવું જોઈએ પણ તેય થતું નથી. બિમાર મનુષ્યોને ઓકસીજનનાં સીલીંડરો આપવા છતાં તે મૃત્યુ પામતાં જણાય છે. રુધિરની શુદ્ધિ આદિ કાર્યો યોગશાસ્ત્ર અને આયુર્વેદના અભિપ્રાયથી પાંચ પ્રકારનાં વાયુનાં કર્મો છે, એટલે તે અંગે જે સૂક્ષ્મ પદાર્થની કલ્પના કરવામાં આવે છે, તે પણ યોગ્ય ઠરી શકતી નથી. આ સંયોગોમાં પ્રાણ એ આત્માની–જીવની પોતાની જ વિશેષતા છે, એમ માનવું વ્યાજબી છે.

જૈન મહર્ષિઓએ પ્રાણના બે પ્રકારો માનેલા છે: દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. તેમાં દ્રવ્ય-પ્રાણ વડે જીવન શકય બને છે અને ભાવપ્રાણ એ આત્માના જ્ઞાનાદિ મૂળ ગુણો છે. આનો અર્થ એ થયો કે જેના સંયોગોથી જીવને જીવન–અવસ્થા પ્રાપ્ત થાય છે અને જેના વિયોગથી જીવને મરણ–અવસ્થા પ્રાપ્ત થાય છે, તેને પ્રાણ સમજવો. આ વ્યાખ્યા પ્રમાણે કોઈ પણ જીવંત પ્રાણી પ્રાણ વિનાનું હોઇ શકે નહિ.

જૈન મહર્ષિઓએ દ્રવ્ય પ્રાણની સંખ્યા દશની માની છે અને તેમાંથી કોઈ પણ પ્રાણનો અતિપાત કરવો, અર્થાત્ વિયોગ કરવો તેને હિંસા કહી છે. આ રહ્યા તેની પ્રતીતિ કરાવનારા શબ્દો:

> पञ्चेन्द्रियाणि त्रिविधं बलं च,
> निःश्वासमुच्छवासमथान्यदायुः।
> प्राणा दशैते भगवद्भिरुक्ता,
> स्तेषां वियोगीकरणं तु हिंसा ॥

'પાંચ ઇંદ્રિયો, ત્રિવિધ બળ એટલે કાયબળ, વચનબળ, અને મનોબળ, નિઃશ્વાસ અને ઉચ્છ્‌વાસની ક્રિયા અર્થાત્ શ્વાસોશ્વાસ તથા આયુષ્ય, એ દશ પ્રાણો જિન ભગવંતોએ કહેલા છે. તેનો વિયોગ કરવો તે હિંસા છે.'

પ્રાણનું આ સ્વરૂપ જાણવાથી આપણે જીવન અને મૃત્યુનો સાચો અર્થ સમજી શકીએ છીએ ને વિવિધ પ્રકારની હિંસાથી પણ બચી શકીએ છીએ.

હવે એક દૃષ્ટિપાત આજના વિજ્ઞાન તરફ કરીએ અને તે મૃત્યુની કેવી વ્યાખ્યા કરે છે? તેનું નિરીક્ષણ કરીએ. તે કહે છે કે 'જ્યારે આ માનવશરીરના ખાસ ખાસ ભાગો (Vital parts) જીર્ણ થઇ જાય છે, ત્યારે સમસ્ત યંત્ર બંધ પડે છે. માનવશરીરના ખાસ ભાગો હૃદય, ફેફસાં અને મગજ છે. જ્યારે કોઇ બિમારી કે દુર્ઘટનાથી આ ભાગો જખ્મી કે જીર્ણ થઇ જાય છે, ત્યારે કુદરતી રીતે બધું યંત્ર બંધ પડે છે અને તે જ મૃત્યુ છે.'

આ વ્યાખ્યા પ્રથમ દૃષ્ટિપાતે ઠીક લાગે છે, પણ અનુભવની કસોટી પર ટકી શકતી નથી, કારણ કે આ જગતમાં એવાં ઉદાહરણો પ્રાપ્ત થયાં છે કે જેમાં ૪૮ કલાક સુધી શ્વાસ તથા હૃદયની ગતિ એકદમ બંધ રહ્યા પછી પણ મનુષ્યો જીવંત રહ્યા હોય અને એવા પણ ઉદાહરણો મળ્યાં છે કે જેમાં મનુષ્ય ૪૦ દિવસ સુધી એક લાકડાની પેટીમાં રહ્યા પછી પણ જીવતા નીકળ્યા હોય.

આ ઉદાહરણોમાં ૪૦ દિવસ સુધી પેટીમાં બંધ

રહેલા મનુષ્યનાં હૃદય, ફેફસાં અને મગજ એ ત્રણે ભાગોએ પોતાનાં કામ બંધ કરી દીધાં હતાં, કારણ કે બાહ્ય પૌદ્ગલિક સામગ્રીના અભાવે તે પોતાનું કામ કરી શકતાં નથી. આ સંયોગોમાં તેઓ મૃત્યુ પામેલા જ કહેવાય, પણ તેઓ ખરેખર મૃત્યુ પામ્યા ન હતા! ત્યારે આ ઘટનાનો ખુલાસો શો સમજવો? આજનું વિજ્ઞાન એના ઉત્તરમાં મૌન સેવે છે અને પોતાનું માથું ખજવાળે છે, પણ જૈનશાસ્ત્રો આગળ આવીને તેનો ખુલાસો કરે છે કે તેનો આયુષ્યપ્રાણ અવશિષ્ટ રહ્યો હતો, એટલે તેના આધારે જીવન ટકી રહ્યું હતું અને ફરી પૌદ્ગલિક સામગ્રી પ્રાપ્ત થતાં બાકીના નવે પ્રાણો પોતાનું કામ કરવા લાગ્યા હતા. આ ખુલાસો આપણાં ગળે બરાબર ઉતરી જાય છે, એટલે વિજ્ઞાનની 'વાઇટલ પાર્ટ્સ્ થિયરી' કરતાં જૈન ધર્મનો 'દશ પ્રાણનો સિદ્ધાન્ત' વધારે વાસ્તવિક લાગે છે.

અહીં એટલું સ્પષ્ટીકરણ કરવાની આવશ્યકતા છે કે બધાં પ્રાણીઓને દશ પ્રાણ હોતા નથી. કેટલાંકને ચાર હોય છે, કેટલાંકને છ હોય છે, કેટલાંકને સાત હોય છે, કેટલાંકને આઠ હોય છે, કેટલાંકને નવ હોય છે અને કેટલાંકને પૂરેપૂરા દશ હોય છે. જેમને ચાર પ્રાણ હોય છે, તેમને સ્પર્શનેન્દ્રિય, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય હોય છે. જેને છ પ્રાણ હોય છે, તેને વધારામાં રસનેન્દ્રિય અને વચનબળ હોય છે. જેને સાત પ્રાણ હોય છે, તેને આ છ પ્રાણ ઉપરાંત ઘ્રાણેન્દ્રિય વધારે હોય છે. જેને આઠ પ્રાણ હોય છે, તેને આ સાત પ્રાણ ઉપરાંત ચક્ષુરિંદ્રિય

વધારે હોય છે અને નવ પ્રાણ હોય છે, તેને આઠ પ્રાણ ઉપરાંત શ્રોત્રેન્દ્રિય વધારે હોય છે. જેને દશ પ્રાણ હોય છે તેને આ નવ પ્રાણ ઉપરાંત મનોબળ પણ હોય છે.

આત્મા જીવનશકિત ધારણ કરવાના ગુણને લીધે જીવ કહેવાય છે. તેથી જ જૈનન મહર્ષિઓએ તેની વ્યાખ્યા કરતાં જણાવ્યું છે કે '**जीवितवान्, जीवति, जीविष्यतीति जीव**ः। –જે જીવનવાળો છે, જીવે છે અને જીવશે તે જીવ જાણવો.'

જન્મ એટલે જીવનની શરૂઆત અને મરણ એટલે જીવનનો અંત, એમ માનીને આપણે સઘળો વ્યવહાર ચલાવીએ છીએ, પણ તર્કની કસોટી પર એ ટકી શકે તેમ નથી. 'જો જન્મ એ જ જીવનની શરૂઆત હોય તો બધાં બાળકો સરખાં કેમ નહિ? દરેકનું વ્યક્તિત્વ ભિન્ન શા માટે?' એ પ્રશ્ન આપણી સમક્ષ ખડો થાય છે. તેનો ગંભીર વિચાર કરતાં એ નિર્ણય પર આવવું પડે છે કે 'દરેક બાળક જન્મતી વખતે પોતાની સાથે સંસ્કારની કેટલીક મૂડી લેતું આવે છે.'

'સંસ્કારની આ મૂડી તેને કયાંથી પ્રાપ્ત થઈ?' તેના ઉત્તરમાં આપણે ભૂતકાલીન જીવન તરફ અંગુલિનિર્દેશ કરવો પડે છે, અર્થાત્ ભૂતકાળમાં જે જીવન જીવાયું, તેમાંથી સંસ્કારની મૂડી એકઠી થઈ અને તે નવા જન્મવખતે સાથે આવી.

'ભૂતકાલીન જીવન કયારે શરુ થયું?' તેનો જવાબ કોઈ આંકડાથી માગે તો આપી શકાય એવો નથી, કારણ કે તે માટે વર્ષો કે સદીઓની જે સંખ્યા દર્શાવવામાં

આવે, તેની પહેલાં શું હતું? એ પ્રશ્ન ઊભો જ રહેશે અને ભૂતકાલમાં કોઈ પણ વખતે જીવન એકાએક શરુ થઈ ગયું એમ માનવું એ કારણકાર્યના સ્થાપિત નિયમનો સ્પષ્ટ ભંગ છે; એટલે એ જીવનની આદિ નથી, એમ માનવું જ ઉચિત છે. જેમણે સમયની મર્યાદા બાંધીને જીવનની શરૂઆત સમજાવવાના પ્રયાસો કર્યાં છે, તેમને પણ મૂળ તત્ત્વ અનાદિ જ લેવું પડ્યું છે, તો જીવનને પોતાને જ અનાદિ શા માટે ન માનવું?

જેમ જીવનનો પ્રવાહ ભૂતકાળમાંથી વર્તમાનકાળમાં આવ્યો, તેમ વર્તમાનકાળમાંથી ભવિષ્યકાળમાં જાય છે અને મૃત્યુ પછી પણ તે ચાલુ જ રહે છે; એટલે મૃત્યુ એ અવસ્થાનું રૂપાંતર માત્ર છે, જીવનનો અંત નથી.

ભગવદ્‌ગીતાનો નિમ્ન શ્લોક પણ આ મતને પુષ્ટિ આપે છે:

**वासांसि जीर्णानि यथा विहाय,**
**नवानि गृह्णाति नरोऽपराणि।**
**तथा शरीराणि विहाय जीर्णा-**
**न्यन्यानि संयाति नवानि देही॥**

'જેમ મનુષ્ય જૂનાં વસ્ત્રો ત્યજી નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ દેહધારી આત્મા જૂનાં શરીરો ત્યજી બીજાં નવાં શરીરો ધારણ કરે છે.' તાત્પર્ય કે તેમાં જીવનનો જે મૂળ પ્રવાહ છે તે બીજા સ્વરૂપે ચાલુ રહે છે.

આ સિદ્ધાંતને 'પુનર્જન્મનો સિદ્ધાંત' કહેવામાં આવે છે અને તેને શ્રુતિ, યુક્તિ તથા અનુભૂતિ એ ત્રણેનો પ્રબળ

ટેકો છે. ભારતનું કોઈ પણ આસ્તિક દર્શન એવું નથી કે જે આ સિદ્ધાંતને માન્ય રાખતું ન હોય. થિયોસોફીના પ્રખર પ્રચારક ડૉ. એની બેસન્ટે રીઈન્કારનેશન (Reincarnation) નામનું એક સુંદર પુસ્તક પ્રકટ કરીને પુનર્જન્મ નહિ માનનારાઓની ભ્રમણા ભાંગી નાખી છે.

આ જગતમાં એવા અનેક મનુષ્યો જોવામાં આવ્યા છે કે જે પોતાનો પૂર્વભવ કહી શકે અને તેમાં શી શી ઘટનાઓ બની હતી, તેનું આબાદ વર્ણન કરી શકે. વર્તમાનકાળમાં પણ આવા પુરુષોનાં વર્ણન સમયે સમયે વર્તમાનપત્રોમાં છપાતા રહે છે અને તેમાંનાં કેટલાંક વર્ણનો અમારા જોવામાં આવ્યા છે.

'આત્મા આ રીતે પુનર્જન્મ શા માટે ધારણ કરે છે?' તેનો ઉત્તર એ છે કે તેણે ભૂતકાળમાં તેમ જ વર્તમાનકાળમાં જે જે કર્મો કર્યાં છે, તેનું ફળ ભોગવવાનું બાકી રહેલું હોવાથી તેને આ રીતે પુનર્જન્મ ધારણ કરવો પડે છે અને ચાર ગતિ તથા ચોરાશી લાખ જીવયોનિરૂપ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે. આ રીતે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા આત્માઓને સંસારી કહેવામાં આવે છે.

અહીં કર્મ શબ્દથી ક્રિયા નહિ પણ જડ એવા પુદ્ગલની એક પ્રકારની વર્ગણા સમજવાની છે કે જે મિથ્યાત્વ વગેરે કારણોને લીધે જીવ વડે ગ્રહણ કરાય છે.

આ કર્મમાં જે આત્માના જ્ઞાનગુણનું આવરણ કરે છે, તેને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે; જે આત્માના દર્શન ગુણનું આવરણ કરે છે તેને દર્શનાવરણીય કર્મ કહેવાય છે;

જે આત્માના આનંદઘન સ્વભાવનું આવરણ કરી શાતા-અશાતા ઉપજાવે છે, તેને વેદનીય કર્મ કહેવાય છે; જે આત્માના સમ્યક્ શ્રદ્ધાન અને સમ્યક્ ચારિત્રરૂપ ગુણનું આવરણ કરી મોહ ઉત્પન્ન કરે છે, તેને મોહનીય કર્મ કહેવાય છે, જેના લીધે આત્માને એક શરીરમાં અમુક સમય સુધી રહેવું પડે છે; તેને આયુકર્મ કહેવાય છે; જેના લીધે આત્મા મૂર્તપણાને પામે અને શુભ-અશુભ ગતિ, શરીર ઇન્દ્રિય વગેરેને ધારણ કરે, તેને નામકર્મ કહેવાય છે; જેના લીધે આત્માને ઊંચા-નીચાપણું પ્રાપ્ત થાય, તેને ગોત્રકર્મ કહેવાય છે અને જેના લીધે આત્માની દાનાદિ લબ્ધિમાં અંતરાય થાય તેને અંતરાયકર્મ કહેવાય છે. આ કર્મ સંબંધી અનેક હકીકતો જાણવા જેવી છે, તે છ કર્મગ્રંથો, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ વગેરે ગ્રંથોમાંથી મુમુક્ષુઓએ જોઈ લેવી.

સકલ કર્મનો નાશ થતાં જીવ પોતાની સ્વાભાવિક ઊર્ધ્વગતિથી એક જ સમયમાં લોકના અગ્ર ભાગ પર આવેલી સિદ્ધશિલામાં પહોંચી જાય છે. આ રીતે કર્મબંધનમાંથી મુક્તિ મેળવનાર આત્માઓને મુક્તાત્મા કે સિદ્ધ કહેવામાં આવે છે.

આપણે મુક્તિ, મોક્ષ, સિદ્ધિ, શિવગતિ, નિર્વાણ, નિઃશ્રેયસ્, અજરામરાવસ્થા, પરમપદ વગેરે શબ્દો શાસ્ત્રોમાં વારંવાર વપરાયેલા જોઈએ છીએ, તે આત્માની આ અવસ્થાનું સૂચન કરે છે.

ઉપર ચાર ગતિ અને ચોરાસી લાખ જીવયોનિનો

નિર્દેશ કરવામાં આવ્યો છે, એટલે તે અંગે પણ થોડો ખુલાસો કરી લઈએ.

ગતિ શબ્દનો સામાન્ય અર્થ છે જવાની ક્રિયા. તે અહીં એક ભવમાંથી બીજા ભવમાં જવાના અર્થમાં વપરાયેલો છે. આવા ભવો ચાર પ્રકારના હોવાથી ગતિ પણ ચાર પ્રકારની માનવામાં આવી છે: નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. દેવગતિને સ્વર્ગ પણ કહેવામાં આવે છે.

જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાનો અસંખ્ય છે, પરંતુ જેના સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ સમાન હોય, તેવાં બધાં સ્થાનોની એક યોનિ ગણવામાં આવે છે. એ રીતે આ યોનિઓની સંખ્યા ૮૪ લાખ છે. જીવ તે યોનિમાં આવીને ત્યાંના પુદ્ગલ ગ્રહણ કરી નવું શરીર રચે છે. તે આ પ્રમાણે:—

(૧) પૃથ્વીકાય એટલે પૃથ્વી એજ જેનું શરીર બનવાનું છે, તેની યોનિ ૭ લાખ.

(૨) અપ્કાય એટલે પાણી એ જ જેનું શરીર બનવાનું છે, તેની યોનિ ૭ લાખ.

(૩) તેજસ્કાય એટલે અગ્નિ એજ જેનું શરીર બનવાનું છે, તેની યોનિ ૭ લાખ.

(૪) વાયુકાય એટલે વાયુ એજ જેનું શરીર બનવાનું છે, તેની યોનિ ૭ લાખ.

(૫) પ્રત્યેક વનસ્પતિકાય એટલે જેમાં ફળ, ફૂલ, છાલ, લાકડાં, મૂળ, પાંદડાં અને બીજ એ દરેક જેનું સ્વતંત્ર શરીર બનવાનું છે, તેની યોનિ ૧૦ લાખ.

(૬) સાધારણ વનસ્પતિકાય એટલે જેનું એકેક શરીર અનંત જીવોનું હોય છે, એવું શરીર જેનું બનવાનું છે, તેની યોનિ ૧૪ લાખ.

આ પાંચે કાયના જીવો સ્થાવર કહેવાય છે, કારણ કે તે પોતાની જાતે હલન ચલન કરી શકતા નથી.

(૭) બે ઇંદ્રિયવાળા શરીરની યોનિ ૨ લાખ.
(૮) ત્રણ ઇંદ્રિયવાળા શરીરની યોનિ ૨ લાખ.
(૯) ચાર ઇંદ્રિયવાળા શરીરની યોનિ ૨ લાખ.
(૧૦) તિર્યંચ પંચેન્દ્રિયવાળા શરીરની યોનિ ૪ લાખ.

બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરિંદ્રિયનો સમાવેશ ગતિની દૃષ્ટિએ તિર્યંચમાં થાય છે.

(૧૧) દેવનાં શરીરની યોનિ ૪ લાખ.
(૧૨) નારકીનાં શરીરની યોનિ ૪ લાખ.
(૧૩) મનુષ્યનાં શરીરની યોનિ ૧૪ લાખ.

આ રીતે યોનિની કુલ સંખ્યા ૮૪ લાખની થાય છે. વૈદિક ધર્મમાં પણ યોનિની સંખ્યા ૮૪ લાખની માનવામાં આવી છે, પણ તેની ગણના જુદી રીતે થાય છે.

આત્મા એક શરીર છોડીને બીજું શરીર ધારણ કરે ત્યારે ભાવી જીવનયાત્રાના નિર્વાહ માટે પોતાનાં નવીન જન્મક્ષેત્રમાં એક સાથે પૌદ્ગલિક સામગ્રીનો સંગ્રહ કરવા લાગે છે[૧], તેમાંથી શરીરની રચના થાય છે[૨], ઇન્દ્રિયોનું નિર્માણ થાય છે[૩], શ્વાસોચ્છ્વાસ લેવાની શક્તિ આવે છે[૪], ભાષાની શક્તિ પ્રાપ્ત થાય છે[૫] અને વિચારવાની શક્તિ

ઉત્પન્ન થાય છે[૬]. આ છ શક્તિઓ પૌદ્‌ગલિક શક્તિની પૂર્ણતા કરનારી હોવાથી જૈન મહર્ષિઓએ તેને છ પર્યાપ્તિની સંજ્ઞા આપેલી છે.

સ્વામી અભેદાનંદે 'Life beyond death–મૃત્યુ પછીનું જીવન' એ નામના પુસ્તકમાં આ વિષયનું જે વર્ણન કર્યું છે, તે જૈન મહર્ષિઓનાં પ્રતિપાદનની નજીક છે. તેઓ જણાવે છે કે 'The soul after dwelling in one body for a certain length of time leaves it at the time of death and enters into another body, in order to gain experience and knowledge in those lives or to reap the results of the works of previous lives. It may enter into a human form or into an animal form. The doers or souls that have performed good deeds will enter a human form or angelic forms but the doers that have performed wicked deeds will appear in animal forms and after remaining there for some time may take any other form according to their deeds. Thus therei s a revolution of the soul from body to body. The souls are bound to reap the natural consequences of their deeds and misdeeds and enjoy or suffer by coming in bodies either animal or human.'

અર્થાત્ 'કેટલોક સમય એક શરીરમાં રહ્યા પછી આ આત્મા નવું જ્ઞાન કે નવો અનુભવ પ્રાપ્ત કરવા માટે અથવા

પોતાનાં પૂર્વ જન્મોમાં કરેલાં કર્મોનું ફળ ભોગવવા માટે મૃત્યુ પામીને બીજા શરીરમાં પ્રવેશ કરે છે અને મનુષ્ય-શરીર કે પશુ-શરીર ધારણ કરે છે. જે આત્માઓએ શુભ કર્મો કર્યાં છે, તેઓ યા તો માનવશરીર ધારણ કરે છે, અથવા દેવતાઓનું શરીર ધારણ કરે છે અને જે આત્મા-ઓએ અશુભ કર્મો કર્યાં છે, તેઓ પશુશરીર ધારણ કરે છે. આ શરીરોમાં કેટલાક દિવસો સુધી નિવાસ કર્યા બાદ તેઓ પોતાનાં કર્મ અનુસાર પુનઃ બીજાં શરીરને ધારણ કરે છે. આ રીતે આત્મા એક શરીરમાંથી બીજા શરીરમાં પરિભ્રમણ કરે છે. આત્માઓને પોતાનાં શુભાશુભ કર્મોનું ફળ ભોગવવા માટે નવાં નવાં શરીરો ધારણ કરવાં જ પડશે.'

અહીં એટલું ધ્યાનમાં રાખવું જરૂરી છે કે જૈન ધર્મની માન્યતા અનુસાર જીવ નવા જન્મમાં નવા શરીરમાં પ્રવેશ કરતો નથી, પરંતુ આહારના પુદ્ગલ લઈ નવું શરીર રચે છે.

## ૩-મનુષ્યભવની દુર્લભતા

દેવગતિમાં સુખનું પ્રમાણ અધિક રહેલું છે, પણ મુક્તિ, મોક્ષ કે પરમપદની પ્રાપ્તિ તો મનુષ્યના ભવથી જ કરી શકાય છે, એટલે મનુષ્યભવને શ્રેષ્ઠ માનવામાં આવ્યો છે. પરંતુ આ મનુષ્યભવની પ્રાપ્તિ સહેલી નથી. તે અંગે જૈન મહર્ષિઓ જણાવે છે કેઃ—

જેમ માટીખાણમાં રહેલું સોનું પ્રથમ તદ્દન અશુદ્ધ કે મલિન અવસ્થામાં હોય છે, તેમ આપણો આત્મા પણ

પ્રારંભમાં ઘણાં મલિન કર્મોથી ખરડાયેલો હોય છે અને તે સૂક્ષ્મ નિગોદમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરે છે. અહીં અસંખ્યાતમા ભાગ જેટલા દેહમાનવાળા અનંત જીવોનું એક જ શરીર હોય છે અને એક શ્વાસોચ્છ્વાસ જેટલા સમયમાં ૧૭ થી ૧૮ ભવો થાય છે. આ સ્થિતિમાં તેને કેટલું કષ્ટ ભોગવવું પડતું હશે ? તેનો વિચાર કરો.

આ કષ્ટ ભોગવતાં કર્મનો ભાર કંઈક હળવો થાય છે, ત્યારે આત્મા બાદર નિગોદ, પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય તથા પ્રત્યેક વંનસ્પતિકાયમાં અસંખ્યાત કાળ સુધી જન્મ--મરણ કરતો અનેક પ્રકારની યાતનાઓ ભોગવે છે. એમ કરતાં કર્મનો ભાર કંઈક હળવો થાય ત્યારે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચઉરિન્દ્રિય તરીકે ઉત્પન્ન થાય છે. આ કીટજીવનમાં પણ તે ઘણું કષ્ટ ભોગવીને કર્મનો ભાર કંઈક હળવો કરે છે, ત્યારે પંચેંદ્રિયપણું પામે છે. તેમાં પણ ભયંકર દુઃખોથી ભરેલા નારક તથા તિર્યંચના અસંખ્યાત ભવો કર્યા પછી મનુષ્યપણું પ્રાપ્ત થાય છે. એટલે મનુષ્યપણું ઘણાં ઘણાં કાળે અને ઘણાં કષ્ટે પ્રાપ્ત થાય છે.

મનુષ્યભવની દુર્લભતા સમજાવવા માટે જૈન મહર્ષિઓએ દશ દૃષ્ટાંતો આપ્યાં છે, તે પણ દરેક પાઠકે બરાબર વિચારવા જેવા છે.

**૧–ચૂલાનું દૃષ્ટાંત**—ચક્રવર્તી રાજા છ ખંડ ધરતીનો ધણી હોય છે. તેનાં રાજ્યમાં કેટલા ચૂલા હોય ? પ્રથમ ચક્રવર્તીના ચૂલે જમવાનું હોય અને પછી દરેક ચૂલે જમવાનું હોય તો ચક્રવર્તીના ચૂલે ફરી જમવાનું ક્યારે મળે ?

**૨-પાસાનું દૃષ્ટાંત**—કોઇ રમતમાં કળવાળા પાસાનો ઉપયોગ કરીને એક માણસનું બધું ધન પડાવી લીધું હોય અને ફરીને માણસને પાસાની રમત રમીને તે ધન પાછું મેળવવું હોય તો ક્યારે મળે ?

**૩-ધાન્યનું દૃષ્ટાંત**—લાખો મણ ધાન્યના ઢગલામાં થોડા સરસવના દાણા ભેળવ્યાં હોય અને તે પાછા મેળવવા મથીએ તો કયારે મળી રહે ?

**૪-જુગારનું દૃષ્ટાંત**—એક રાજમહેલને ૧૦૦૮ સ્થંભો હોય અને તે દરેક સ્થંભને ૧૦૮ હાંસ હોય અને તે દરેક હાંસને જુગારમાં જિતવાથી જ રાજ્ય મળે તેમ હોય તો એ રાજ્ય કયારે મળે ?

**૫-રત્નનું દૃષ્ટાંત**—સાગરમાં સફર કરતાં પોતાની પાસે રહેલાં રત્નો અગાધ જળમાં ડૂબી ગયાં હોય તો શોધ કરતાં એ રત્નો પાછાં કયારે મળે ?

**૬-સ્વપ્નનું દૃષ્ટાંત**—રાજ્યની પ્રાપ્તિ કરાવે એવું શુભ સ્વપ્ન આવ્યું હોય અને તેથી રાજ્યની પ્રાપ્તિ થઈ હોય, એવું સ્વપ્ન લાવવાનો બીજો મનુષ્ય પ્રયત્ન કરે તો એવું સ્વપ્ન કયારે આવે ?

**૭-ચક્રનું દૃષ્ટાંત**—ચક્ર એટલે રાધાવેધ. સ્થંભના મથાળે યંત્રપ્રયોગથી એક પૂતળી ચકર ચકર ફરતી હોય, તેનું નામ રાધા. સ્થંભની નીચે તેલની કડાઈ ઉકળતી હોય, સ્થંભના મધ્યભાગમાં ત્રાજવું હોય અને તે ત્રાજવામાં ઊભા રહીને નીચે કડાઇમાં પડતાં રાધાનાં પ્રતિબિંબના આધારે બાણ મારીને તેની ડાબી આંખ વીંધવી

હોય તો ક્યારે વીંધાય?

**૮-ચર્મનું દૃષ્ટાંત**—અહીં ચર્મ શબ્દથી ચામડા જેવી જાડી થઈ ગયેલી સેવાળ સમજવી. કોઈ પૂનમની રાતે તેના પર પવનનો ઝપાટો આવતાં તે આઘી-પાછી થઈ ગઈ હોય અને એ રીતે પડેલાં બાંકોરામાંથી કોઈ કાચબાએ ચંદ્રનું દર્શન કર્યું હોય, તેવું જ ચંદ્ર-દર્શન એ કાચબાને પોતાનાં સગાંવહાલાંઓને કરાવવું હોય તો ક્યારે કરાવી શકે? પવનના ઝપાટાથી એજ જગાએ બાંકોરું પડવું અને તે વખતે પૂનમનો જ યોગ હોવો, એ બધું કેટલું દુર્લભ છે?

**૯-યુગનું દૃષ્ટાંત**—યુગ એટલે ધોંસરી. તે બળદના ખભા પર બરાબર બેસાડવા માટે સમોલ એટલે લાકડાના નાનકડા દંડુકાનો ઉપયોગ કરવામાં આવે છે. હવે ધોંસરી મહાસાગરના એક છેડેથી નાખી હોય અને બીજા છેડેથી સમોલ નાખી હોય તો એ ધોંસરીમાં સમોલ પેસે ખરી? અને પેસે તો ક્યારે પેસે?

**૧૦-પરમાણુનું દૃષ્ટાંત**—એક સ્થંભનું અત્યંત બારીક ચૂર્ણ કરીને એક ભૂંગળીમાં ભર્યું હોય અને કોઈ પર્વતની ટોચ ઉપર ઊભા રહીને તેને ફૂંક વડે હવામાં ઉડાડવામાં આવ્યું હોય તો એ ચૂર્ણના બધા પરમાણુ ફરી ક્યારે એકત્ર થાય?

જો આ બધા પ્રશ્નોનો જવાબ ઘણા કાળે અને ઘણાં કષ્ટે હોય તો મનુષ્યભવ પણ ઘણા કાળે અને કષ્ટે પ્રાપ્ત થાય છે, એટલે તે અતિ દુર્લભ છે, એમ માનીને આપણો

સઘળો જીવનવ્યવહાર ગોઠવવો જોઈએ, પણ આપણું વર્તન ઘણું વિચિત્ર છે. તેનો ખ્યાલ જૈન મહર્ષિઓએ મધુબિંદુનાં દૃષ્ટાંતથી આપ્યો છે.

## ૪–આપણાં વિચિત્ર વર્તન પૂર મધુબિંદુનું દૃષ્ટાંત

એક મનુષ્ય વૃક્ષની ડાળે લટકી રહ્યો છે અને ઉપરની ડાળ પર જામેલા મધપૂડામાંથી ટપકતાં મધનાં બિંદુઓ ચાટી રહ્યો છે. એ મધુબિંદુઓ થોડી થોડી વારે પડે છે, એટલે તેની નજર એ સામે જ મંડાઈ રહી છે અને તે આસપાસ જોવાની દરકાર કરતો નથી.

જે ડાળને તે લટકી રહ્યો છે, તે ડાળને એક ધોળો ઊંદર અને એક કાળો ઊંદર કાપી રહેલ છે, એટલે તે ડાળ કોઇ પણ ક્ષણે તૂટી પડશે, એ નક્કી છે. વળી જે ડાળ પર તે લટકી રહ્યો છે, તેની નીચે એક મોટો કૂવો છે અને તેમાં ચાર સાપ મોઢું ફાડીને પડેલા છે. એટલે ડાળ પડતાં એ કૂવામાં જ પડવાનો અને પેલા સાપો પૈકી કોઈ પણ એક સાપનાં મુખમાં સપડાઈ જવાનો, એ નિશ્ચિત છે.

ખરેખર! સ્થિતિ ઘણી વિષમ છે, પણ તેને એનો જરાયે ખ્યાલ આવતો નથી. એવામાં એક દેવનું વિમાન ત્યાંથી પસાર થાય છે. તેને આ માણસની અતિ કઢંગી હાલત જોઈને દયા આવે છે, એટલે તે પોતાનું વિમાન વૃક્ષની નજીક થોભાવે છે અને પેલા મનુષ્યને કહે છે કે 'હે ભદ્ર! તારી સ્થિતિ ઘણી વિષમ છે, માટે તું આ વિમાનમાં આવી જા. તારે જ્યાં જવું હોય ત્યાં તને પહોં-

ચાડી દઈશ.' ત્યારે પેલો મનુષ્ય કહે છે કે 'હમણાં ઉપરથી મધનું બિંદુ પડશે તે મને ચાખી લેવા દો. પછી તમારી સાથે વિમાનમાં આવીશ.' ત્યારે પેલો દેવ કહે છે કે 'આ સાહસ કરવા જેવું નથી. તેં મધનાં ઘણાં બિંદુઓ ચાખ્યાં છે, માટે જલ્દી કર અને મારાં વિમાનમાં બેસી જા.' પરંતુ પેલો મનુષ્ય મધુબિંદુની લાલચ છોડી શકતો નથી, એટલે દેવ પોતાનું વિમાન લઈ ચાલ્યો જાય છે અને થોડી વારે વૃક્ષની ડાળ તૂટી પડતાં પેલો મનુષ્ય કૂવામાં પટકાઈ પડે છે તથા સાપનાં મુખમાં સપડાઈ ભયંકર દુઃખનો ભાગી થાય છે.

અહીં મનુષ્ય એ આપણે, વૃક્ષ એ ભવ અને ડાળ એ આયુષ્ય એમ સમજવાનું છે. ધોળો ઉંદર એ દિવસ છે, અને કાળો ઉંદર એ રાત્રિ છે. આ દિવસ અને રાત્રિરૂપ બે ઉંદરો આયુષ્યરૂપી ડાળને નિરંતર કાપી રહ્યા છે, એટલે આપણું આયુષ્ય પ્રતિદિન ઓછું થતું જાય છે અને તે ગમે ત્યારે પૂરું થઈ જશે એ નક્કી છે. આમ છતાં આપણે વિષયભોગરૂપી મધપૂડામાંથી ટપકતાં સુખનાં થોડાં બિંદુઓનાં મોહમાં પડી આ વિષમ પરિસ્થિતિનો વિચાર કરતા નથી.

કૂવો એ સંસાર છે અને ચાર સાપ એ ચાર પ્રકારની ગતિ છે. જે મનુષ્ય વિષયભોગમાં ફસી કર્મ-બંધનમાં સપડાતો થકો પોતાનું આયુષ્ય પૂર્ણ કરે છે, તે સંસારમાં રખડવાનો અને નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ પૈકી કોઈ પણ ગતિમાં જવાનો એ નિશ્ચિત છે.

અહીં જે દેવ આવે છે, એ ગુરુ છે અને વિમાન લાવે છે, તે ધર્મ છે. આપણી વિષમ સ્થિતિ જોઈ તેઓ આપણને આ ધર્મ રૂપી વિમાનનો આશ્રય લેવા ઘણું સમજાવે છે, પણ ાવષયસુખની આપણી આસક્તિ છૂટતી નથી, એટલે તેમણે બનાવેલા ધર્મમાર્ગે પ્રયાણ કરી શકતા નથી. એવામાં મૃત્યુ આવી પહોંચે છે, એટલે આપણે પુનઃ જન્મ ધારણ કરી વિધવિધ દુઃખોનાં ભાજન થઇએ છીએ.

### ૫-સંસારમાં સુખ ક્યાં છે?

જૈન મહર્ષિઓએ કહે છે કે 'જન્મ, જરા અને મૃત્યુથી ભરેલા આ સંસારમાં પ્રાણીને સુખ કયાંથી હોય? તેને જે સુખનો અનુભવ થાય છે, તે એક પ્રકારની માયા· જાળ છે અને મોહમદિરાનાં પાનથી ઉત્પન્ન થયેલો એક પ્રકારનો ભ્રમમાત્ર છે.

અંગૂઠો ચૂસીને લાળનું પાન કરતાં બાળકોને જેમ માતાનું સ્તનપાન કરવાનો ભ્રમ થાય છે, તેમ આ સંસાર સુખરહિત હોવા છતાં પ્રાણીઓને તેમાં સુખનો ભ્રમ થાય છે.

બાળપણમાં વિવેક હોતો નથી, તે કારણે તેમાં અનેક પ્રકારનાં દુઃખો સહન કરવા પડે છે; યુવાવસ્થામાં કામનો ઉન્માદ હોય છે, તે કારણે તેમાં અનેક પ્રકારની વિટંબનાઓ અનુભવવી પડે છે અને વૃદ્ધાવસ્થામાં સમસ્ત શરીર જર્જરિત થઈ જાય છે, તેથી ઇંદ્રિયો બલરહિત બની જતાં અનેક પ્રકારની આપત્તિઓ ઝીલવી પડે છે. આમ મનુષ્યનું જીવન સદા ઉપદ્રવવાળું હોય છે.

વળી પ્રાતઃકાલે મલ-મૂત્રની બાધા હોય છે,

મધ્યાહ્નને ભૂખ–તરસની બાધા હોય છે, રાત્રે નિદ્રાની બાધા હોય છે અને બધો વખત ભોગેચ્છાની બાધા હોય છે. આમ મનુષ્ય ક્યારે પણ બાધારહિત હોતો નથી.

આ સંસારમાં જાતિ, કુલ કે સ્થાનનું અભિમાન પણ લઈ શકાય એવું નથી. કારણ કે—

**न सा जाई न सा जोणी, न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मुया जत्थ, सव्वे जीवा अणंतसो ॥**

આ લોકમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઈ યોનિ નથી, એવું કોઈ સ્થાન નથી અને એવું કોઈ કુલ નથી કે જ્યાં સર્વ જીવો અનંતી વાર જન્મ્યા અને મર્યાં ન હોય.

તે જ રીતે સંસારની જે ઘટમાળ ચાલી રહી છે, તે પણ સુખ ઉપજાવે તેવી નથી. તેનું વર્ણન ગુજરાતના પ્રસિદ્ધ કવિ દલપતરામ ડાહ્યાભાઈના શબ્દોમાં સાંભળો. તેઓ કહે છે કે—

(ઝુલણા)

તંતુ કાચા તણો તાણો સંસાર છે,
સાંધીએ સાત ત્યાં તેર ત્રુટે;
શરીર આરોગ્ય તો યોગ્ય સ્ત્રી હોય નહિ,
યોગ્ય સ્ત્રી હોય ખોરાક ખૂટે.
હોય ખોરાક ન હોય સંતાન ઉર,
હોય સંતાન રિપુ લાજ લૂંટે;
કોઈ જો શત્રુ નહિ હોય દલપત કહે,
સમીપ સંબંધીનું શરીર છૂટે.

આ સંસારનો તાણો કાચા તંતુથી બનેલો છે, એટલે તેના તાર તૂટતા જ રહે છે. તેમાં સાત તાર સાંધીએ ત્યાં તેર તૂટે એવી સ્થિતિ પ્રવર્તે છે, એટલે તૂટેલા બધા તાર સાંધી શકાય એવી સ્થિતિ નથી.

મનુષ્ય શરીરે નીરોગી હોય તો તેને યોગ્ય સ્ત્રી મળતી નથી અને કદાચ યોગ્ય સ્ત્રી મળે તો અમનચમન કરી શકાય એટલો પૈસો પાસે હોતો નથી. કદાચ પૈસો પાસે હોય તો સંતાનની ખોટ હોય છે અને કદાચ સંતાન હોય તો કોઇ શત્રુવટ દાખવી લાજ આબરૂ ઉપર હાથ નાખે છે. અને કદાચ કોઈ એ રીતે શત્રુવટ ન કરતો હોય તો જેની સાથે ખાસ મહોબ્બત–માયા હોય એવા સ્વજન–સંબંધીનું મૃત્યુ નીપજે છે અને ઘેરા શોકની છાયા ફરી વળે છે. આમ સંસારમાં રહેનારને કોઈને કોઈ પ્રકારનું દુઃખ અવશ્ય હોય છે.

સંસારનાં સગાપણો અને સંબંધોમાં પણ રાચવા જેવું નથી; કારણ કે આ જીવ એક વાર પિતા તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર પુત્ર તરીકે ઉત્પન્ન થાય છે; અથવા એક વાર માતા તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર પત્ની તરીકે ઉત્પન્ન થાય છે; અથવા એક વાર મિત્ર કે સુહૃદ્ તરીકે ઉત્પન્ન થાય છે, તો બીજી વાર શત્રુ કે વૈરી તરીકે ઉત્પન્ન થાય છે. આ વિષયમાં મહેશ્વરદત્તની કથા સાંભળો, એટલે મોહથી બીડાઈ ગએલાં જ્ઞાન–નેત્રો ખુલી જશે.

## ૬–મહેશ્વરદત્તની કથા

ધનધાન્યથી સમૃદ્ધ વિજયપુર નામે નગર હતું. તેમાં મહેશ્વરદત્ત નામનો ક્ષત્રિય રહેતો હતો. તેને ગાંગિલા નામે રૂપવતી પત્ની હતી. આ મહેશ્વરદત્તનાં માતાપિતા વૃદ્ધ થયાં હતાં અને ધારે તો ગોવિંદના ગુણ ગાઈ શકે તેમ હતાં, પણ તેમાં તેમનું ચિત્ત જરા પણ ચોટતું નહિ.

લોકો કહે છે કે 'ઘડપણમાં ગોવિંદના ગુણ ગાઇશું,' પણ જેમણે જુવાનીમાં ગોવિંદના ગુણ ગાયા નહિ કે તેમની જોડે સ્નેહ કેળવ્યો નહિ, તે ઘરડે ઘડપણ ગોવિંદના ગુણ શું ગાવાના? મહેશ્વરદત્તના માતાપિતાએ આખી જીંદગી વ્યવહારમાં જ વ્યતીત કરી હતી અને અત્યારે પણ વ્યવહાર જ એમનાં ગળે વળગ્યો હતો. 'ધર્મ' નામનો બે ~~[illegible]~~ અક્ષરનો શબ્દ હજી સુધી તેમના કાનમાં પ્રવેશ્યો ન હતો અને કદાચ પ્રવેશ્યો હોય તો તે દિમાગ કે દિલ સુધી પહોંચ્યો ન હતો. એટલે તેમનાં કુટુંબમાં માંસ અને મદિરા જેવી સર્વથા અભક્ષ્ય અને અપેય વસ્તુનો ઉપયોગ થતો હતો.

મહેશ્વરદત્ત મહેનતુ હતો, એટલે સવારથી સાંજ સુધી પરિશ્રમ કરીને સહુનું પૂરું કરતો હતો.

હવે એક વખત મહેશ્વરદત્તનો પિતા બિમાર પડ્યો અને તેનો અંત સમય નજીક આવ્યો, એટલે મહેશ્વરદત્તે બે હાથ જોડીને પ્રણામ કરતાં કહ્યું કે 'પૂજ્ય પિતાજી! આપ કોઈ પણ જાતની ફીકર–ચિંતા કરશો નહિ. હું બધું સંભાળી લઈશ. અત્યારે આપની જે કંઈ ઈચ્છા હોય તે

મને જણાવો. હું તે જરૂર પૂરી કરીશ.' ત્યારે પિતાએ કહ્યું કે 'બેટા! તું ખૂબ ડાહ્યો અને કામગરો છે તથા વ્યવહારમાં ઘણો કુશળ છે, એટલે મને કોઈ જાતની ફીકરચિંતા થતી નથી; છતાં બે શબ્દો કહું છું તે ધ્યાનમાં રાખજે. હવે સમય ઘણો કઠિન આવી રહ્યો છે, એટલે જોઈ વિચારીને ચાલજે અને જરૂર હોય તેટલો જ ખર્ચ કરજે. વળી આપણી ભેંસોની ખાસ સંભાળ રાખજે. મેં તેમને કેટલી મમતાથી ઉછેરી છે, તે તું બરાબર જાણે છે. અને એક વાત એ પણ લક્ષમાં રાખજે કે આપણા કુટુંબમાં પિતાનો શ્રાદ્ધદિન આવતાં એક પાડાનું બલિદાન દેવાય છે. તેમાં કંઈ ભૂલ થાય નહિ.'

મહેશ્વરદત્તે આ વાત અંગીકાર કરી અને પિતા મૃત્યુ પામ્યો. હવે અંત સમયે પ્રાણીઓની જેવી મતિ હોય છે, તેવી જ પ્રાયઃ ગતિ થાય છે, એટલે મહેશ્વરદત્તનો પિતા મરીને પોતાની જ ભેંસના પેટે પાડારૂપે અવતર્યો.

થોડા વખત પછી મહેશ્વદત્તની માતા પથારીએ પડી અને ઉઠવાનું અશક્ય બન્યું. તે પણ 'મારો પુત્ર' 'મારી વહુ' 'મારું ઘર' 'મારાં ઢોર' 'મારી લાજ આબરૂ' એમ 'મારૂં–મારૂં' કરતાં મરણ પામી, એટલે શેરીમાં કૂતરી તરીકે ઉત્પન્ન થઈ અને મહેશ્વરદત્તના ઘરની આસપાસ રહેવા લાગી.

મહેશ્વરદત્તે પોતાની શક્તિ મુજબ માતાપિતાનું ઉત્તરકાર્ય કર્યું અને જીવનનું નાવ આગળ હંકાર્યું. તે ગાંગિલાને ચાહતો હતો અને તેનાથી પોતાનો સંસાર સુખી છે એમ માનતો હતો. પણ ગાંગિલા વિષયલંપટ હતી અને

તક મળે તો પરપુરુષ સાથે પ્રેમ કરવાનું ચૂકતી નહિ. અત્યાર સુધી સાસુસસરા આગળ હતા અને ઘરમાં તેમની નિરંતર હાજરી રહેતી, એટલે તેની એ વિષયલંપટતાને છૂટો દોર મળ્યો ન હતો, પણ હવે સ્થિતિ જૂદી હતી. મહેશ્વરદત્તને ધંધાર્થે આખો દિવસ બહાર રહેવું પડતું, એટલે તેને જોઈતી એકાંત મળવા લાગી અને તેની વિષયલંપટતા પોષાવા લાગી. શાસ્ત્રકારો કહે છે કે વ્યભિચાર જેવું કોઈ મોટું પાપ નથી, પણ વિષયલુબ્ધ મનુષ્યોને એ વાત ક્યાં સમજાય છે? તેઓ તો પાપમાં જ રચ્યાપચ્યા રહે છે અને તક મળી તો એ પાપનો વિસ્તાર કરવાનું ચૂકતા નથી. પરંતુ પાપનો ઘડો આખરે ફૂટે છે અને તેમનું મ્હોં કાળું થાય છે.

એક વાર મહેશ્વરદત્ત કંઈ કામ પડતાં અચાનક ઘરે આવ્યો, ત્યારે બારણાં બંધ જોયાં. આથી તે વહેમમાં પડ્યો અને બારણાંની તડમાંથી અંદર જોવા લાગ્યો. ત્યાં એક પુરુષ નજરે પડ્યો. એટલે બારણાં ઉઘાડવા હાક મારી. ગાંગિલાએ પોતાના યારને સંતાડવા ઘણો પ્રયત્ન કર્યો પણ તેને સંતાડી શકાય એવું સ્થાન ન હતું, એટલે નિરુપાયે બારણાં ઉઘાડ્યાં અને ભયથી થરથરતી બાજુએ ઊભી રહી.

મહેશ્વરદત્તના ક્રોધનો પાર ન હતો. તેણે બારણાં ઉઘડતાં જ ગાંગિલાના યાર પર હલ્લો કર્યો અને તેના પર ગડદા–પાટુનો વરસાદ વરસાવ્યો. એમ કરતાં એક જોરદાર પાટુ તેના પેડુમાં વાગી, એટલે તેના રામ રમી ગયા, પણ

એ વખતે તેને એવો વિચાર આવ્યો કે 'મારાં દુષ્ટ કર્મનું ફળ મેં ભોગવ્યું. તેમાં મારનાર પર ક્રોધ શા માટે કરવો?' આ શુભ વિચારને પરિણામે તે મરીને ગાંગિલાની કૂખે પોતાનાં વીર્યમાં જ ઉત્પન્ન થયો.

ગાંગિલા પણ ગુનેગાર જ હતી, છતાં તે મહેશ્વરદત્તના ~~મારમાંથી~~ જોખમાંથી બચી ગઈ. પત્નીની ફજેતી કરતાં પોતાની પણ ફજેતી જ થશે એ મહેશ્વરદત્ત બરાબર જાણતો હતો. નીતિકારોએ કહ્યું છે કે 'આયુષ્ય, પૈસો, ઘરનું છિદ્ર, મંત્ર, દવા, કામક્રીડા, દીધેલું દાન, મળેલું સન્માન અને થયેલું અપમાન બુદ્ધિમાન પુરુષે ગુપ્ત રાખવાં.'

પતિએ પોતાનો દોષ જોવા છતાં શિક્ષા ન કરી, એટલે ગાંગિલાને પોતાની ભૂલને માટે અંતરથી પશ્ચાત્તાપ થયો અને તે પતિને સારી રીતે ચાહવા લાગી. મહેશ્વરદત્ત પણ તેનાં આ વર્તનથી પ્રસન્ન થયો અને તેને ગર્ભવતી જાણી સારી રીતે સાચવવા લાગ્યો. એમ કરતાં ગાંગિલાએ એક પુત્રરત્નને જન્મ આપ્યો, એટલે મહેશ્વરદત્તના આનંદનો પાર રહ્યો નહિ. કયા સંસારીને પુત્રનું મુખ જોઈને આનંદ થતો નથી?

એવામાં શ્રાદ્ધના દિવસો આવ્યા, એટલે મહેશ્વરદત્તને પિતાની વાત યાદ આવી અને તેણે એક પાડાની તપાસ કરવા માંડી, પણ જોઈએ તેટલી કિંમતમાં જોઈએ તેવો પાડો મળ્યો નહિ. આખરે ઘરમાં રહેલા પાડાનો વધ કરવા નિશ્ચય કર્યો. એ નિશ્ચય અનુસાર તેણે શ્રાદ્ધના દિને પાડાનો વધ કરી, તેનું માંસ પકાવ્યું અને સગાંવહા-

લાંઓને જમાડવાની તૈયારી કરી. ત્યાં પેલી શેરીમાં ઉત્પન્ન થયેલી કૂતરી ઘરમાં આવી અને એઠાં ઠામ ચાટવા લાગી, એટલે મહેશ્વરદત્તે ગુસ્સે થઈને તેનાપર લાકડીનો છૂટો ઘા કર્યો અને પેલી કૂતરીની કમ્મર તૂટી ગઈ. પછી તે બૂમો મારતી ત્યાંથી બહાર જઈ હાડકાં વગેરે ચાટવા લાગી.

હવે મહેશ્વરદત્ત સગાંવહાલાંઓની વાટ જોતો બારણામાં ઊભો છે ને પુત્રને તેડી ખૂબ વહાલ કરે છે, એવામાં એક જ્ઞાની મહાત્મા ત્યાંથી પસાર થયા. તેમણે આ ઘરમાં બનેલો બધો બનાવ પોતાનાં જ્ઞાનથી જાણીને મસ્તક ધૂણાવ્યું, તે મહેશ્વરદત્તના જોવામાં આવ્યું, એટલે તેણે વંદન કરીને પેલા મહાત્માને પૂછ્યું કે 'હે મહારાજ! અહીં એવું શું જોવામાં આવ્યું કે આપને આ રીતે મસ્તક ધૂણાવવું પડ્યું?'

મહાત્માએ કહ્યું કે 'વત્સ! એ વાત કહેવા જેવી નથી, છતાં તારો આગ્રહ હોય તો કહું.' ત્યારે મહેશ્વરદત્તે એ વાત જાણવાની ઇચ્છા પ્રદર્શિત કરી. એટલે મહાત્માએ કહ્યું કે 'હે વત્સ! આજે તારા પિતાનો શ્રાદ્ધદિન છે અને તે નિમિત્તે તેં એક પાડાનો વધ કર્યો છે, પણ તું જાણે છે ખરો કે એ પાડો કોણ છે?' મહેશ્વરદત્તે કહ્યું કે 'મને એની ખબર નથી.' ત્યારે મહાત્માએ કહ્યું કે 'એ બીજો કોઈ નહિ પણ તારો પિતા જ છે. મરતી વખતે ઘરમાં વાસના રહી જવાથી તે તારે ત્યાં જ પાડા રૂપે ઉત્પન્ન થયો હતો.'

આ શબ્દો સાંભળતાં જ મહેશ્વરદત્તના ખેદનો પાર

રહ્યો નહિ. તેણે કહ્યું: ‘હે પ્રભો! શું આ સાચું છે?’ મહાત્માએ કહ્યું કે ‘હા, એ વાત તદ્દન સાચી છે, પણ તે એટલેથી જ અટકતી નથી. તેં થોડીવાર પહેલાં એક કૂતરી પર લાકડીનો ઘા કર્યો અને તેની કમર તોડી નાખી, એ તારી માતા હતી. તે ઘરમાં રહી ગયેલી વાસનાને લીધે શેરીમાં કૂતરી તરીકે ઉત્પન્ન થઈ હતી.’

આ શબ્દોએ મહેશ્વરદત્તની હૃદયવ્યથા અનેકગણી વધારી દીધી અને તે માથું પકડી નીચે બેસી ગયો. તે વખતે મહાત્માએ કહ્યું કે ‘હે વત્સ! જ્યારે તેં આ વાત સાંભળી જ છે, ત્યારે પૂરી સાંભળી લે. તું જેને ખૂબ પ્યારથી રમાડી રહ્યો છે, એ તારી પાટુથી મરી ગયેલો તારી સ્ત્રીનો યાર છે. છેલ્લી વખતે શુભ વિચાર આવવાથી તે પોતાના જ વીર્યમાં મનુષ્ય તરીકે ઉત્પન્ન થયેલો છે.’

આ શબ્દોએ હદ કરી. એ જ વખતે સંસાર પર વૈરાગ્ય આવ્યો અને તે ઘરનો ત્યાગ કરી ચાલી નીકળ્યો. પછી કોઈ સંતપુરુષનું શરણ સ્વીકારી સંયમની સાધના કરી અને પોતાનું જીવન સફળ બનાવ્યું.

સંસારનું આ સ્વરૂપ જાણ્યા પછી કયો સુજ્ઞ પુરુષ એમ કહેશે કે તેમાં સુખ છે?

## ૭–ભોગની નિઃસારતા

કેટલાક એમ માને છે કે ‘ભોગવિલાસ એ જ જીવનની સાર્થકતા છે.’ એટલે તેને પોતાનું ધ્યેય બનાવે છે અને બને તેટલો ભોગવિલાસ કરે છે. પણ તમે એમનું જીવન તપાસો એટલે ખાતરી થશે કે એ જીવનમાં સાર્થકતા

કેટલી છે ?

આવા પુરુષો પથારીમાંથી ઉઠીને તરત જ ચાહ, કોફી કે દૂધ પીએ છે; થોડી વારે બીસ્કીટ, બ્રેડ કે ખાખરા–પૂરીનો નાસ્તો કરે છે અને થોડા વખત બાદ ભોજન કરવા બેસી જાય છે, તેમાં અનેક જાતની વાનીઓ આરોગે છે, અનેક જાતનાં શાકભાજી વાપરે છે, તીખી તમતમતી. ગરમાગરમ દાળના સબડકા ભરે છે; સાથે ચટણી, અથાણાં રાયતાં, પાપડ કે ફરસાણનો સ્વાદ પણ લેતા જાય છે; વળી ઉપર ભાત, ઓસામણ કે કઢી ચડાવતા જાય છે અને છેવટે વિવિધ પ્રકારના મુખવાસોનો ઉપયોગ કરે છે, આમ છતાં તેમને તૃપ્તિ થતી નથી.

તેઓ જમીને ઉઠયા હોય ને થોડી જ વારમાં કોઈ ઠેકાણેથી મેવા–મીઠાઈ કે ગરમાગરમ ભજિયાં આવી ગયાં હોય તો તેમાંથી થોડું પેટમાં પધરાવે છે. એવામાં આઈસ્ક્રીમની બૂમ પડે તો તેને પણ છોડતા નથી. એમ કરતાં જ્યારે પેટ પૂરું તંગ થાય ત્યારે તેઓ થોડી વાર આડા પડે છે અને નિદ્રા લઈ લે છે, પરંતુ નિદ્રામાંથી નિવૃત્ત થયા કે ચાહ–કૉફીનું સ્મરણ કરે છે. પછી થોડી વારે ફ્રુટ–એટલે ફળ ખાવાનો વારો આવે છે કે ફળરસ પીવાનો સમય થાય છે. તેમાં સંતરા અથવા મોસંબીના રસનો પ્યાલો ગટગટાવે છે; અને કાજુ, દ્રાક્ષ, અખરોડ કે બદામ જેવી વસ્તુઓ નજરે પડે તો થોડી ખાઈ લેવામાં જરાયે સંકોચ અનુભવતા નથી.

સાયંકાલે પણ આવો જ કારભાર ચાલતો હોય છે.

'આજે તબિયત બરાબર નથી.' 'ખાવાનું ભાવતું નથી' એમ તેઓ બોલતા જાય છે અને રોટલો, રોટલી, ભાખરી પૂરી કે ભાત–ઓસામણ ચડાવતા જાય છે. પરંતુ આ પ્રવૃત્તિ આટલેથી જ અટકતી નથી. સૂવાટાણું થાય કે તેમને ચાહ–દૂધ યાદ આવે છે ને તેના એકાદ–બે પ્યાલા ઢીંચે ત્યારે જ સૂવાનું ફાવે છે. આવાઓને ઘણીવાર સ્વપ્નો પણ ખાવાનાં જ આવે છે અને બત્રીશ જાતનાં ભોજન અને તેત્રીશ જાતનાં શાક ખાવાની અભિલાષા નિરંતર રહ્યા કરે છે.

કદાચ સંયોગો અનુકૂળ હોય અને તેમને બત્રીશ જાતનાં ભોજન અને તેત્રીશ જાતનાં શાક મળે તો પણ સંતોષ થતો નથી. બીજા દિવસનું વ્હાણું વાયું કે પાછી એની એ દશા! ગમે તેવી પીકનીકો કે પાર્ટીઓ ગોઠવવામાં આવે કે ગમે તેવા ભવ્ય ભોજન સમારંભો યોજવામાં આવે પણ જીહ્વારસની તૃપ્તિ થતી જ નથી, એ શું સૂચવે છે?

આ પ્રકારનું જીવન જીવતાં કેવું પરિણામ આવે છે, તે પણ જોઈએ. થોડા દિવસ થાય છે કે પેટ દુખવાની ફરિયાદ થાય છે, આંકડી આવે છે, આફરો ચડે છે કે દસ્ત ઉપર દસ્ત લાગવા માંડે છે. ત્યારે આ મહાશયો ઢીલા પડે છે અને વૈદ્ય, હકીમ કે ડાકટરો માટે દોડાદોડ કરે છે. કદાચ વૈદ્ય, હકીમ કે ડાકટર તેમને સંભાળીને ચાલવાનું કહે તો થોડો વખત સંભાળી લે છે, પણ પાછા પોતાની મૂળ આદત ઉપર આવી જાય છે. એમ કરતાં તેમને અતિ-

સાર, સંગ્રહણી, જ્વર, ખાંસી, દમ, શિરઃશૂલ, મધુમેહ ( ડાયાબીટીસ ) રક્તચાપ ( બ્લડપ્રેસર ) વગેરે રોગો લાગુ પડે છે અને ઘણો વખત પથારીમાં પડી રહેવું પડે છે. આ વખતે તેમની સ્થિતિ કેવી હોય છે? 'અરેરે!' 'ઓય! ઓય!' 'બાપરે! મરી ગયો' વગેરે ઉદ્‌ગારો નીકળતા હોય છે અને મને કે કમને વૈદ્યના કડવા ઉકાળા પીવા પડે છે કે ડોકટરોની બારીક સોયોના ગોદા ઉપરા ઉપરી ખાવા પડે છે. આમ છતાં તેમને આરામ મળતો નથી! કાળ કોઇ પણ ક્ષણે આવી પહોંચે છે અને તેમનાં મોઢાની ડાકલી ફાટી રહે છે!

જેઓ પ્યાર–મહોબ્બતમાં ફસે છે કે ઇશ્કના દીવાના બને છે, તેમની હાલત પણ આવી જ કઢંગી થાય છે. તેમનાં દિલને કરાર હોતો નથી, તેમનાં મનને આરામ મળતો નથી. પ્રત્યેક પળે પ્રેયસીનો પ્રેમ તેમને સતાવ્યા કરે છે. મોજશોખનાં કારણે જેઓ હવસખોર બને છે, તે વહુ–દીકરીનો ટાળો કરતા નથી, સારું–ખોટું જોતા નથી અને બળાત્કાર, વ્યભિચાર તથા ખૂનામરકી સુધી પહોંચે છે. આ હાલતમાં તેમને લાકડીઓના પ્રહાર, તરવારના ઝાટકા કે બંદુકની ગોળીઓ ખાવી પડે તેમાં આશ્ચર્ય નથી. આવા મનુષ્યો પર વિષપ્રયોગો પણ થાય છે અને તેમને રીબાઇ રીબાઇને ભૂંડા હાલે મરવું પડે છે. મોજશોખનાં કારણે જેઓ વેશ્યાગમન કરે છે, તેમની તિજોરીનું તળિયું તરત દેખાય છે, બાપદાદાની આબરૂ પર મસીનો કૂચડો ફરી વળે છે અને જાલીમ દર્દોના ભોગ થવું પડે છે એ જુદું.

આવા મનુષ્યો ભયંકર પીડા ભોગવતાં અને વિવિધ વિલાપો કરતાં કાળના કરાળ પંજામાં સપડાઈ જાય છે, ત્યારે કેવું કરુણ દૃશ્ય ખડું થાય છે ?

આ ઉપરાંત મનુષ્ય બીજા પણ જે મોજશોખ કરે છે, તેના પર એક આછો દૃષ્ટિપાત કરી લઈએ. કેટલાક મોજની ખાતર–શોખની ખાતર રોજની પચીશ, પચાશ કે સો જેટલી બીડીઓ ફૂંકે છે, તો કેટલાક ચૂંગી, ચલમ કે હોકો પીને લાંબા સમય સુધી ધૂમાડા કાઢ્યા કરે છે. કેટલાક શોખની ખાતર ભાંગ ઘૂંટીને પીએ છે, તો કેટલાક ગાંજા–ચરસનો દમ લગાવે છે. ( આ ગાંજો–ચરસ પીનારાઓ ન પીનારને માટે શું કહે છે, તે ખબર છે ? જિસને ન પી ગાંજેકી કલી, ઉસ લડકેસે લડકી ભલી. ) પરંતુ મનુષ્યનો આ પ્રકારનો શોખ આટલેથી જ અટકતો નથી. તે શોખની ખાતર અફીણનું બંધાણ કરે છે અને દારૂ પીને દૈત્યના જેવા ચાળા કરવામાં આનંદ પામે છે. તે શોખની ખાતર કોકીનની કાંકરીઓ ખાય છે અને સોમલ જેવા સંપૂર્ણ ઝેરી પદાર્થોને પણ છોડતો નથી. આસ્તે આસ્તે કરીને તે એનું પ્રમાણ વધારતો જાય છે અને તેના જોરે રોજનો અધમણ ખોરાક ઉદરમાં ઠાંસી દે છે. ( ગુજરાતનો પ્રખ્યાત બાદશાહ મહમ્મદ બેગડો તેનું ઉદાહરણ છે. ) કહેવાની ભાગ્યે જ જરૂર છે કે આ બધાં વ્યસનોનો આખરી અંજામ ઘણો કરુણ આવે છે. પૈસો ચપટી વગાડતાં ચાલ્યો જાય છે, પુત્ર–પરિવાર પુષ્કળ દુઃખી થાય છે અને પોતે પરાધીનતાની બેડીમાં એવો સપડાય છે કે ગમે તેટલાં ફાંફાં

મારવા છતાં તેમાંથી છૂટી શકતો નથી.

આવી સ્થિતિ જોઈને જ જૈન મહર્ષિઓએ કહ્યું છે કે:–

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइं ॥

'કામભોગ શલ્યરૂપ છે, વિષરૂપ છે અને વિષધર સર્પ જેવા ભયંકર છે. કામ ભોગની લાલસા રાખનાર પ્રાણીઓ તેને પ્રાપ્ત કર્યા વિના જ અતૃપ્ત દશામાં એક દિવસ દુર્ગતિને પ્રાપ્ત થાય છે.'

खणमेत्तसोक्खा बहु कालदुक्खा,
पगामदुक्खा अणिगामसोक्खा।
संसारमोक्खस्स विपक्खभूया,
खाणी अणत्थाण उ कामभोगा ॥

'કામભોગ ક્ષણ માત્ર સુખ દેનારા છે અને ઘણા કાલ સુધી દુઃખ આપનારા છે. તેમાં સુખ બહુ થોડું છે અને દુઃખ ઘણું વધારે છે. તે મોક્ષ સુખના ભયંકર શત્રુ છે અને અનર્થોની મોટી ખાણ છે.'

जहा किंपागफलाण, परिणामो न सुंदरो।
एवं भुत्ताणं भोगाणं, परिणामो न सुंदरो ॥

'જેમ કિંપાક ફલનું પરિણામ સુંદર હોતું નથી, તેમ ભોગવેલા ભોગોનું પરિણામ સુંદર હોતું નથી.' કિંપાક ફલ દેખાવમાં મનોહર હોય છે, પણ ખાય તેનો તાત્કાલિક પ્રાણ હરે છે, એટલે તેનું પરિણામ સુંદર નથી એમ કહેલું

છે. ભોગો પણ ભોગવતી વખતે મીઠા લાગે છે પરંતુ પરિણામે કર્મબંધન પ્રાપ્ત થાય છે અને અનેકવિધ દુઃખો ભોગવવાં પડે છે, એટલે તેનું પરિણામ સુંદર નથી.

## ૮–ધર્મની ઉપાદેયતા

આપણી સામે જીવનના બે માર્ગ રહેલા છેઃ એક ભોગનો અને બીજો યોગનો. તેમાં ભોગમાર્ગને જ્ઞાનીઓએ નિઃસાર જણાવ્યો છે અને આપણો અનુભવ પણ એવો જ છે. બાકી રહ્યો યોગમાર્ગ. તેને જ જૈન મહર્ષિઓએ ધર્મમાર્ગ કહ્યો છે અને તેની શતમુખે પ્રશંસા કરી છે. તેઓ કહે છે કે—

**व्यसनशतगतानां क्लेशरोगातुराणां,**
**मरणभयहतानां दुःखशोकार्दितानाम् ।**
**जगति बहुविधानां व्याकुलानां जनानाम् ।**
**शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥**

'સેંકડો કષ્ટને પામેલા, ક્લેશ અને રોગથી પીડાતા, મરણના ભયથી હતાશ થયેલા, દુઃખ અને શોકથી રીબાતા, એમ બહુ બહુ રીતે વ્યાકુળ થયેલા આ જગત્‌ના અસહાય મનુષ્યોને એક ધર્મ જ નિત્ય શરણભૂત છે.'

આ વચનો અક્ષરશઃ સત્ય છે. અમારાં તેપન વર્ષનાં જીવન દરમિયાન અમને તેની પૂરી પ્રતીતિ થયેલી છે. અમે એવા અનેક મનુષ્યોને જોયા છે કે જેઓ કોઇ દિવસ ધર્મની વાત સાંભળવા પણ તૈયાર ન હતા, પરંતુ તેમનાં માથે એકાએક આફત ઉતરી પડી અને તેનું

નિવારણ તેમનાં પ્રભૂત ધનથી, બહોળી લાગવગથી કે વિશિષ્ટ સંબંધોથી થઈ ન શકયું, ત્યારે તેમણે કોઈની સલાહ–શીખામણથી ધર્મનું શરણ લીધું અને તેઓ ઉકત કષ્ટ કે આફતમાંથી મુકત થઈ ગયા.

રોગ નિવારણની બાબતમાં પણ અમે એવોજ અનુભવ કરેલો છે. કોઈ પણ ઔષધ, દવા કે ઉપચારથી જેમનો રોગ રજમાત્ર હઠયો ન હતો, તેવાઓને માત્ર ભગવાનનાં નામનું રટણ કરવાથી કે સ્તોત્રાદિનાં સ્મરણથી સારું થયેલું છે. તેથીજ આપણે ત્યાં 'સાચો વૈદ્ય નારાયણ હરિજ છે,' એ ઉકિત પ્રસિદ્ધિમાં આવી છે.

મરણના ભય વખતે આપણને બીજી કોઈ વસ્તુ સહાયભૂત થઇ શકતી નથી, ત્યારે ધર્મ જ આપણી વારે ધાય છે અને તે જ આપણને સાચું શરણ આપી શકે છે. તે જ રીતે જેઓ વૈભવ કે સંપત્તિની ઇચ્છા રાખે છે, તેમને એ વૈભવ કે સંપત્તિ પણ ધર્મારાધનથી જ મળે છે. કહ્યું છે કે—

**निपानमिव मण्डूकाः, सरः पूर्णमिवाण्डजाः ।**
**शुभ कर्माणमायान्ति, विवशाः सर्वसम्पदः ॥**

'જેમ તળાવ ભરેલું હોય ત્યાં દેડકાઓ આવે છે અને સરોવર ભરેલું હોય ત્યાં પક્ષીઓ આવે છે, તેમ જ્યાં શુભ કર્મનો સંચય હોય અર્થાત્ ધર્મનું આરાધન હોય, ત્યાં સર્વ સંપત્તિઓ પોતાની મેળે ચાલી આવે છે.'

અને એમ પણ કહ્યું છે કે—

धर्माज्जन्म कुले शरीरपटुता सौभाग्यमायुर्बलं,
धर्मेणैव भवन्ति निर्मलयशो विद्यार्थसम्पत्तयः ।
कान्ताराच्च महाभयाच्च सततं धर्मः परित्रायते,
धर्मः सम्यगुपासितो भवति हि स्वर्गापवर्गप्रदः ॥

'ધર્મનાં યોગ્ય આરાધનથી ઊંચા કુલમાં જન્મ થાય છે; પાંચે ઈન્દ્રિયોની પૂર્ણતા પ્રાપ્ત થાય છે; સૌભાગ્ય, આયુષ્ય અને બળની પ્રાપ્તિ થાય છે; ધર્મનાં આરાધનથી જ નિર્મલ યશની તથા વિદ્યા અને અર્થની પ્રાપ્તિ થાય છે; તે જ રીતે ધર્મનું આરાધન ઘોર જંગલમાં અને મહાન ભયો ઉપસ્થિત થયે તેનાં આરાધકનું રક્ષણ કરે છે. ખરે-ખર! આવા ધર્મની આરાધના જો સમ્યક્ પ્રકારે કરવામાં આવે તો તે સ્વર્ગ અને મોક્ષનું સુખ આપી શકે છે.'

सुखार्थं सर्व भूतानां, मताः सर्वप्रवृत्तयः ।
सुखं नास्ति विना धर्मं, तस्माद्धर्मपरो भवेत् ॥

'આ જગત્માં સર્વ પ્રાણીઓની સર્વ પ્રવૃત્તિઓ સુખને માટે જ થાય છે, એમ તમામ સુજ્ઞ પુરુષોનું માનવું છે. પરંતુ એ સુખ ધર્મ વિના મળી શકતું નથી, માટે ધર્મ-પરાયણ થવું.'

પ્રશ્ન—ધર્મારાધન ઘણું કઠિન છે અને તેનું ફળ કયારે-કેવું મળશે તે જાણી શકાતું નથી, તેનું કેમ?

ઉત્તર—ધર્મારાધનને જેટલું કઠિન માની લેવામાં આવે છે, તેટલું એ કઠિન નથી. એ તો માનસિક વલણ અને અભ્યાસનો પ્રશ્ન છે. જૈન ઘરમાં નાનાં બાળકો પણ નકો-રડા ઉપવાસ કરે છે. તે ઉપવાસના દિવસે રાજગરાનો

શીરો, દૂધ, કેળાં વગેરે વાપરનારને કઠિન લાગે એ સ્વાભાવિક છે, પણ જૈન બાળકોને તે એટલા કઠિન લાગતા નથી. એ તો હોંશે હોંશે આવા ઉપવાસ કરવા તત્પર બને છે અને ઘણીવાર તેમને વધારે ઉપવાસ કરતાં રોકવા પડે છે. આનું કારણ એ છે કે તેમને નાનપણથી એ પ્રકારના સંસ્કારો મળે છે, માતા–પિતા–ભાઈ–ભગિની–સગાંવહાલાં એ બધાં પણ ઉપવાસ કરતાં હોય છે અને જે ગુરુદેવોને તે પરમ પૂજ્ય માને છે, તેમનો ઉપદેશ પણ તેવા જ પ્રકારનો હોય છે. બીજી વાત અભ્યાસની છે. કોઈ પણ વસ્તુ શરુઆતમાં કઠિન લાગે છે, પણ તેનો અભ્યાસ કે મહાવરો પડતાં તે ઓછી ને ઓછી કઠિન લાગવા માંડે છે અને છેવટે સહજ બની જાય છે. તારના દોરડા પર ચાલવાનું કામ કઠિન છે, પણ સતત અભ્યાસ કરનારને તે કેવું સહજ બની જાય છે? જેણે સર્કસના ખેલો જોયા હશે, તેને આ વસ્તુનો તરત ખ્યાલ આવી જશે. નાની નાની છોકરીઓ તારના દોરડા પર સડસડાટ ચાલી જાય છે, એટલું જ નહિ પણ સવળી–અવળી ચાલે છે, તારને ખૂબ ઝુકાવે છે અને તેના પર ઊભી ઊભી બીજી પણ અનેક ક્રિયાઓ કરે છે. ધર્મારાધનની ક્રિયાઓ વિષે પણ આવું જ સમજવાનું છે. તેનો અભ્યાસ કે મહાવરો પડે તો એ કઠિન રહેતી નથી, પણ સહજ બની જાય છે.

જે વસ્તુ શરૂઆતમાં કઠિન લાગતી હોય પણ તેનું પરિણામ સુખદ હોય તો એને વાસ્તવિક રીતે કઠિનાઈ કહેવાતી નથી. ધર્મારાધનનું પરિણામ સુખદ છે, એટલે

તેની કઠિનાઈઓ એ વાસ્તવિક કઠિનાઈ નથી, પણ સુખ-પ્રાપ્તિનો ઉપાય છે અને એ રીતે સર્વથા આવકારદાયક છે.

જો જગત્‌ની નાની મોટી દરેક ક્રિયા પોતાનું ફળ બતાવે છે, તો ધર્મારાધનની ક્રિયા પોતાનું ફળ કેમ ન બતાવે? એ પણ પોતાનું ફળ બતાવે જ બતાવે. વળી ક્રિયા જે પ્રકારની હોય છે, તે પ્રકારનું જ ફળ મળે છે, તો ધર્મારાધનનું ફળ સારું મળવા માટે શંકા શા માટે રાખવી? લીમડો વાવનારને લીંબોળી ખાવા મળે છે અને આંબો વાવનારને કેરી ખાવા મળે છે, એ શું આપણે નરી આંખે નથી જોતા? તો પછી સારી ક્રિયાનું ફળ સારું જ મળશે એવો વિશ્વાસ કેમ ન રાખવો? ફળ ક્યારે મળશે? એ શંકા પણ અસ્થાને જ છે. આજે ગોટલી વાવીને કાલે કેરી ખાવાની ઈચ્છા રાખીએ તો એ કેમ બને? એ તો આંબો ઉગે, મોટો થાય, તેને મૉર આવે ને તેમાંથી ફળ પાકે ત્યારે જ કેરી ખાવાની મળે, એટલે દરેક ક્રિયા સમય થયે પોતાનું ફળ બતાવે છે, તેમ ધર્મારાધનની ક્રિયા પણ યોગ્ય સમયે પોતાનું ફળ બતાવે છે.

પ્રશ્ન—બહુ લાંબા વખતે ફળ બતાવે તે શું કામનું?

ઉત્તર—ધર્મારાધનનું ફળ લાંબા વખતે જ મળે છે, એવું નથી. તેનું કેટલુંક ફળ તો તાત્કાલિક પણ મળે છે. બ્રહ્મચર્ય પાળો એટલે મતિ અને કાંતિ બંને સુધરવાની. સંયમ પાળો એટલે સંતોષ અને આરોગ્યની પ્રાપ્તિ તરત જ થવાની. તપ કરો એટલે શરીર અને મનની શુદ્ધિનો લાભ સત્વર મળવાનો. એટલું જ નહિ પણ ભગવત્સ્મરણ,

સ્તુતિ, જપ, મંત્રારાધન વગેરેથી નહિ ધારેલાં કાર્યો તરત સિદ્ધ થયાના દાખલાઓ પણ વિપુલ સંખ્યામાં જોઈ શકાય છે.

## ૯–ધર્મ પર થતા આક્ષેપનું નિવારણ

આજે કેટલાક ધર્મનાં નામથી ભડકી રહ્યા છે, કારણ કે તેમને વારંવાર એમ કહેવામાં આવ્યું છે કે તે એક પ્રકારનું અફીણ છે, એક પ્રકારનો નશો છે અને તે જેને ચડયો તેનું આવી બન્યું. એ નશાના પ્રતાપે ખૂનખાર યુદ્ધો થયા છે, અનેકનાં લોહી રેડાયા છે અને જુદાઈની દિવાલો ઊભી થઇ છે, માટે રાજ્યમાંથી, શિક્ષણમાંથી, સાહિત્યમાંથી તેને ભૂંસી નાખવો જોઈએ અને તે માટે પદ્ધતિસરના પ્રયત્નો ચાલુ છે. આ વાતાવરણમાં કાચી બુદ્ધિના મનુષ્યો ધર્મના નામથી ભડકી જાય, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. પરંતુ તેમણે જાણવું જોઇએ કે આ તો એક જાતનો પ્રચાર છે અને તે જાણીબૂઝીને જ કરવામાં આવે છે. બાકી તેમની દલીલોમાં કોઈ વજૂદ નથી.

આ પ્રચાર કરનારાઓને એમ પૂછવામાં આવે કે તમે ધર્મ કોને કહો છો? તો તેઓ સંપ્રદાય, ક્રિયાકાંડ, અમુક પ્રકારની માન્યતા, આવી આવી વાતો આગળ કરશે, પણ ધર્મ એ સદાચારની શાળા છે, સંયમની કોલેજ છે કે ઉત્તમોત્તમ વિચારોને પોષનારી એક મોટી યુનિવર્સિટી છે, એમ કદી પણ કહેશે નહિ. એમ કહે તો ખંડન થાય શી રીતે? પરંતુ આપણા પૂર્વપુરુષોએ ધર્મની જે વ્યાખ્યા કરી છે તે સાંભળો અને પછી મનમાં નક્કી કરો કે ધર્મ

એક જાતનું અફીણ છે કે અફીણનો નશો ઉતારી દેનારું અમૃત છે? તે વ્યાખ્યા આ રહી :

दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद् धारयते पुनः।
धत्ते चैतान् शुभस्थाने, तस्माद्धर्म इति स्मृतः॥

'દુર્ગતિ તરફ જઈ રહેલા જીવોનો ઉદ્ધાર કરીને તેમને પુનઃ શુભ સ્થાને સ્થાપે છે, અર્થાત્ તેમને સદ્ગતિ તરફ લઈ જાય છે, તેથી તે ધર્મ કહેવાય છે.

જે પ્રવૃત્તિ દુર્ગતિમાંથી સદ્ગતિમાં લઈ જાય, અર્થાત્ પડતીમાંથી ચડતી તરફ લઈ જાય, અવનતિમાંથી ઉન્નતિ તરફ લઈ જાય અને તેની ટોચ ઉપર મૂકે તેને અફીણ કે નશો કહેવાનું સાહસ કયો બુદ્ધિમાન પુરુષ કરી શકે? ખૂનખાર યુદ્ધો ધર્મનાં કારણે થયાં નથી, કદાચ યુરોપમાં તેમ બન્યું હોય તો પણ ભારતવર્ષમાં તેમ બન્યું નથી. યુદ્ધો તો જર, જમીન અને જોરૂ એ ત્રણે પરના અતિમોહનાં કારણે થયાં છે, સત્તાના શોખની ખુમારીનાં કારણે થયાં છે. ધર્મ તો નિત્ય અહિંસા, સત્ય, ક્ષમા, સહનશીલતા, ઉદારતા અને મૈત્રીના પાઠ પઢાવતો આવ્યો છે. ખાસ કરીને જૈન ધર્મે તો એમાં આગેવાની ભર્યો ભાગ ભજવ્યો છે, એટલે તેના ઉપર યુદ્ધો જગાડવાનો કે જુદાઈની દિવાલો ઊભો કરવાનો આરોપ કાલ્પનિક છે અને તે બિલકુલ ટકી શકે તેવો નથી.

## ૧૦–ધર્માારાધનને જ જીવનનું ધ્યેય બનાવવું જોઇએ.

ભોગમાર્ગ નિઃસાર છે, અપ્રશસ્ત છે, ત્યાજ્ય છે અને યોગમાર્ગ કે ધર્મમાર્ગ સારભૂત છે, પ્રશસ્ત છે, ઉપાદેય છે;

એનો અર્થ એ થયો કે સુજ્ઞ મનુષ્યે ધર્મારાધનને જ પોતાનું ધ્યેય બનાવવું જોઈએ અને તેને કેન્દ્રમાં રાખીને જ પોતાની બધી પ્રવૃત્તિઓ ગોઠવવી જોઈએ.

હાલ તો ઉમર નાની છે, જુવાની ચાલે છે માટે મોજ શોખ કરી લેવા દો; ધર્મ તો પછી કરીશું, એ વિચાર ડહાપણભરેલો નથી. ઉમર નાની હોય તો પણ મૃત્યુ આવે છે અને જુવાની ચાલી રહી હોય તો પણ કાળનો કુઠારાઘાત થાય છે, માટે ધર્મ તો નિરંતર કરતા જ રહેવું. કહ્યું છે કે—

**बाल एव चरेद्धर्ममनित्यं खलु जीवितम् ।**
**फलानामिव पक्वानां शश्वत् पततो भयम् ॥**

'બાલ્યાવસ્થા હોય તો પણ ધર્મ કરતાં રહેવું, કારણ કે જીવિત અનિત્ય છે; તેથી પાકી ગયેલાં ફળોની માફક તેને હંમેશાં પડવાનો ભય રહેલો છે.'

**संपदो जलतरङ्गविलोला, यौवनं त्रिचतुराणि दिनानि ।**
**शारदाभ्रमिव चञ्चलमायुः, किं धनैः कुरुत धर्ममनिद्यम् ॥**

'સંપત્તિ જલના તરંગ જેવી અસ્થિર છે. યૌવન ચાર દિનની ચાંદની જેવું છે અને આયુષ્ય શરદ ઋતુનાં વાદળ જેવું ક્ષણિક છે. માટે ધન કમાયે શું થશે? તે માટે પવિત્ર ધર્મનું જ આચરણ કર.'

જેઓ આખું જીવન ધન કમાવામાં જ પૂરું કરે છે, તેમને ઉદ્દેશીને એક જૈન મહર્ષિએ કહ્યું છે કે—

**भव सघलुं कमाइउं, केसउ आविउं भागि ? ।**
**गाड भरिउ लकुडां, खोखरि हंडि आगि ॥**

'હે ભાઈ! તું આખી જીંદગી કમાયો, તેમાંથી તારા ભાગમાં શું આવ્યું? ગાડું ભરીને લાકડાં અને એક ખોખરી હાંડી આગળ, એ જ કે બીજું કાંઈ?'

જે માનવદેહ દ્વારા અક્ષય અનંત મોક્ષસુખની પ્રાપ્તિ થઈ શકે એમ છે, એ દેહદ્વારા માત્ર લક્ષ્મી અને અધિકારની પ્રાપ્તિ કરવાનો પ્રયત્ન કરીએ અને પાછા આપણી જાતને ડાહ્યા માનીએ એ તો મૂર્ખાઈની હદ કહેવાય. લાખો રૂપિયાની કિંમતના હીરાને બકરીની ડોકે બાંધનારને કે સવાશેર ગોળ સાટે વેચી મારનારને આપણે ડાહ્યો નથી જ કહેતા.

આપણાં જીવનની રહેણી કરણી જોઈ ને શ્રીમદ્ રાજચંદ્ર શું કહે છે? તે બરાબર સાંભળો:

બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો;
તો યે અરે! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો.
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો!
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?

ભવભ્રમણ કરતાં ઘણું પુણ્ય એકઠું થયું ત્યારે માનવનો શુભ દેહ મળ્યો. પરંતુ તેના દ્વારા એવી કોઈ કરણી કરી નહિ કે જે ભવચક્રના એકાદ આંટાને પણ ઓછો કરે. તેના દ્વારા તો લક્ષ્મી અને અધિકાર વધારવાની જ પ્રવૃત્તિ કર્યા કરી અને પરિણામે લક્ષ્મી અને અધિકાર વધ્યા. પણ લક્ષ્મી અને અધિકાર વધતાં ખરેખર શું વધ્યું તે જાણો છો? એથી પાપ વધ્યું અને પરિણામે ભવભ્રમણ વધ્યું, એટલે ભવિષ્યને માટે દુઃખની પરંપરાને નોતરી. આને

ડહાપણભરેલો વ્યવહાર શી રીતે કહેવો? મૃત્યુ ડોળા ફાડે છે ત્યાં તમારા ટાંટિયા ઢીલા પડી જાય છે અને થરથર ધ્રૂજવા લાગો છો પણ એ દ્રવ્યમૃત્યુ છે; જ્યારે ધ્યેયહીન થઈને જીવન જીવવું અને તેમાં મલિન વિચારોનું સેવન કરવું એ ભાવમૃત્યુ છે. આ ભાવમૃત્યુનું પરિણામ ઘણું ભયંકર છે. છતાં તમે એમાં ક્ષણે ક્ષણે કેમ રાચી રહ્યા છો?

કેટલાક કહે છે કે તમે મોક્ષ મોક્ષ શું કરો છો? એ તો એક જાતની નિષ્ક્રિય અવસ્થા છે, તેથી એમાં કોઈ જાતનું સુખ મળી શકે નહિ. માટે અમને આ જીવનમાં સુવર્ણ, સુરા અને સુંદરીનો ઉપભોગ કરી લેવા દો. આ શબ્દો જેને કવિ, લેખક કે સાહિત્યકાર કહી શકાય એવા મનુષ્યો ઉચ્ચારી રહ્યા છે, એટલે તેમને જણાવવા ઇચ્છીએ છીએ કે ધર્મમાર્ગનું અંતિમ ધ્યેય સિદ્ધાવસ્થા છે.

આ અવસ્થામાં જે નિરતિશય સુખ રહેલું છે, તેની વાસ્તવિક કલ્પના કેવળ બુદ્ધિથી આવી શકે તેમ નથી. જેમ કૂવામાં રહેલો દેડકો ગમે તેટલો પ્રયત્ન કરવા છતાં મહાસાગરની વિશાળતાને કલ્પી શકતો નથી, જેમ એક અરણ્યવાસી બહુ બહુ પ્રયત્ન કરવા છતાં સંસ્કૃત સમાજનાં સુખ–સાધનોની કલ્પના કરી શકતો નથી, અથવા તો નિત્ય કાંગ, કોદ્રવા કે કુશકાનું ભોજન કરનારો દરિદ્ર પુરુષ ગમે તેટલી કલ્પનાઓ દોડાવવા છતાં ચક્રવર્તીનાં ભોજનનો વાસ્તવિક ખ્યાલ લાવી શકતો નથી, તેમ વિષયની આકાંક્ષાથી ઉત્પન્ન થતાં સુખરૂપી ખાબોચિયામાં ડૂબેલા જીવો સિદ્ધાવસ્થાની સુખસંપત્તિનો ખ્યાલ કરી શકતા નથી. આ

સંસારનું કોઈ પણ સુખ એ સુખની અંશ માત્ર પણ બરોબરી કરી શકે તેવું નથી. શ્રી ભદ્રબાહુસ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં જણાવ્યું છે કે—

**नवि अत्थि माणुसाणं, तं सुक्खं नेवसव्वदेवाणं ।**
**जं सिद्धाणं सुक्खं, अव्वाबाहं उवगयाणं ॥ ९८० ॥**

'તે સુખ મનુષ્યોને નથી કે સર્વ દેવોને પણ નથી કે જે સુખ અવ્યાબાધ સ્થિતિને પામેલા સિદ્ધોને છે.'

વળી તેમણે જણાવ્યું છે કે—

**सुरगणसुहं समत्तं, सव्वद्धा पिंडिअं अणंतगुणं ।**
**न य पावइ मुत्तिसुहं, णंताहि वि वग्गवग्गूहिं ॥ ९८१ ॥**

"દેવોનાં સર્વકાલનાં એકઠાં કરેલાં સમસ્ત સુખને અનંતગણું કરવામાં આવે, અને તેને અનંતવાર વર્ગના વર્ગથી ગુણવામાં આવે, તો પણ તે સુખ મુક્તિ સુખની બરોબર થઇ શકતું નથી."

સિદ્ધાવસ્થામાં જન્મ નથી, જરા નથી અને મરણ પણ નથી; તેથી તેમાં ભય, શોક કે કોઇ પણ પ્રકારનું દુઃખ નથી; પરંતુ ત્યાં અનંત અનંત સુખની સ્થિતિ વ્યાપી રહી છે અને એ સ્થિતિ કાલથી બદ્ધ નથી, એટલે કે તે અનંત કાલ સુધી તેવી ને તેવી જ રહેવાની છે. આ સ્થિતિને પ્રાપ્ત કરવી એ પ્રત્યેક ભવ્ય આત્માનું અંતિમ લક્ષ્ય છે; તેથી આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓની સઘળી સાધના તેના માટે જ હોય છે. અરિહંત તો પણ જ્યારે દીક્ષા લે છે, ત્યારે '**नमो सिद्धाणं**' એ પદનો જ ઉચ્ચાર કરીને સમાયિકની

પ્રતિજ્ઞા અંગીકાર કરે છે. આ રીતે સિદ્ધ ભગવંતો અરિહંતોને પણ માનનીય છે, તો છદ્મસ્થો માટે ( અપૂર્ણ જ્ઞાનવાળાઓ માટે ) કહેવું જ શું ?

તાત્પર્ય કે સુજ્ઞ મનુષ્યે મુક્તિ મોક્ષ કે પરમપદને અંતિમ ધ્યેય માનીને તેનાં એક સાધન તરીકે ધર્મારાધનને પોતાનું તાત્કાલિક ધ્યેય બનાવવાનું છે.

## ૧૧-ધ્યેયની પ્રાપ્તિ ક્યારે થાય ?

ધ્યેયની પ્રાપ્તિ થાય ત્યારે સિદ્ધિ કે સફળતા સાંપડી ગણાય છે. આ સિદ્ધિ માટે જૈન મહર્ષિઓએ પ્રણિધાન, પ્રવૃત્તિ અને વિઘ્નજય એ ત્રણ ઉપાયો દર્શાવેલા છે. તેમાં પ્રણિધાનનો અર્થ છે ધ્યેય પ્રત્યેની એકાગ્રતા, પ્રવૃત્તિનો અર્થ છે ધ્યેયને અનુસરતા કાર્યનો આરંભ અને વિઘ્નજયનો અર્થ છે, તેમાં આવતાં વિઘ્નોને જિતવાની હિંમત.

ધ્યેયની એકાગ્રતા એટલે ધ્યેયનું ચિંતન, ધ્યેયની વારંવાર વિચારણા. 'મારે કવિ થવું છે' એ વિચાર વારંવાર કરનાર આખરે કવિ થઈ શકે છે. 'મારે વક્તા થવું છે' એ વિચાર વારંવાર કરનાર આખરે વક્તા થઈ શકે છે. એ જ રીતે કલાકાર, વ્યાપારી, સમાજસેવક, દેશનેતા કે સાધુતાનો નિરંતર વિચાર કરનાર છેવટે તે તે અવસ્થા પામી શકે છે. એનાં ઉદાહરણોનો જગત્માં તોટો નથી. પરંતુ આપણી કમનશીબી એ છે કે આપણે જીવનનું ધ્યેય જ સમજ્યા નથી. એ સમજાય પણ શી રીતે ? જીવનની ચાલુ ઘરેડમાં એવા અટવાઈ ગયા છીએ કે આખો દિવસ ધમાલમાં જ વ્યતીત થાય છે અને કદી થોડો સમય મળે તો તેમાં

આરામ લેવાની કે પ્રમોદ કરવાની ભાવના પ્રકટે છે, એટલે કોઈ નાટક, સીનેમા, સંગીતસમારંભ, નાચરંગનો જલસો કે ચતુરંગી ક્રિકેટ મેચનો રંગ જામ્યો હોય ત્યાં પહોંચી જવાનું દિલ થાય છે, પરંતુ થોડીવાર એકાંતમાં બેસીને જીવન પર, જીવનનાં ધ્યેય પર વિચાર કરવાની વૃત્તિ ઉદ્‌ભવતી નથી.

જે મનુષ્ય પોતાનું ધ્યેય કે ગંતવ્યસ્થાન જાણતો નથી તે ક્યાં જવાનો? એક વાર મુંબઈનાં સેન્ટ્રલ સ્ટેશન ઉપર અમે એવા માણસને જોયો હતો કે જે પ્રવાસીઓની હારમાં ઊભો રહીને પોતાનો વારો આવતાં ટીકીટ–માસ્તર આગળ ટીકીટ માગવા લાગ્યો હતો, પણ સ્ટેશનનું નામ બોલ્યો નહતો. તેને ટીકીટ–માસ્તરે કહ્યું કે 'ક્યાંની ટીકીટ જોઈએ છે તે જલ્દી બોલો.' ત્યારે તે માણસ માથું ખજવાળવા લાગ્યો, પણ કોઈ ચોક્કસ સ્ટેશનનું નામ બોલી શક્યો નહિ. ટીકીટ–માસ્તરે તેને ફરીથી કહ્યું કે 'મીસ્ટર! ક્યા સ્ટેશનની ટીકીટ જોઈએ છે, તેનું જલ્દી નામ આપો.' ત્યારે પેલાએ કહ્યું કે ગમે 'તે સ્ટેશનની ટીકીટ આપો.' અને ટીકીટ–માસ્તરનો મિજાજ ઉછળી આવ્યો. તેણે જોરથી કહ્યું: 'યૂ ફુલ! ગેટ આઉટ!' એટલે 'અરે! મૂર્ખ! તું અહીંથી દૂર થા!' અને બધા મનુષ્યોનાં ખડખડાટ હાસ્યની વચ્ચે પેલો મનુષ્ય ત્યાંથી ચાલતો થયો.

પોતાનું ગંતવ્યસ્થાન કે ધ્યેય ન જાણવું એ સ્થિતિ જો ખરેખર હાસ્યાસ્પદ જ હોય તો આપણી સ્થિતિ હાસ્યાસ્પદ જ છે. આપણે જીવન અંગે વિધવિધ પ્રવૃત્તિઓ

કરીએ છીએ, પણ તે શું ધ્યેયથી કરીએ છીએ તે જાણતા નથી. જો જીવીને દિવસો જ પૂરા કરવાના હોય તો એવું કાગડા-કૂતરા પણ ક્યાં નથી કરતા ? મનુષ્ય તરીકે આ પ્રમાણે જીવવું આપણને હરગીઝ શોભા આપતું નથી.

જ્યાં પહેલા ઉપાય કે પહેલાં પગથિયાની આ સ્થિતિ છે, ત્યાં બીજા અને ત્રીજા ઉપાયની વાત શી કરવી ? તાત્પર્ય કે અત્યારે આપણું મુખ્ય કર્તવ્ય એ છે કે જીવનનું ધ્યેય બરાબર સમજી લેવું અને તેના પર વારંવાર વિચાર કરીને તેને દૃઢ કરવું.

## ૧૨-વિચારશક્તિનું મહત્ત્વ

મનુષ્ય, માનવ, મનુજ એ શબ્દોમાં એક યા બીજા પ્રકારે મન્ ધાતુનો પ્રયોગ થયેલો છે અને અંગ્રેજી ભાષામાં પણ મનુષ્યને માટે મેન્ (Man) શબ્દ વપરાયેલો છે, એટલે મનન કરનારું-વિચાર કરનારું પ્રાણી તે જ મનુષ્ય એમ સમજવાનું છે. પરંતુ ઘણા મનુષ્યો પોતાની આ વિશેષતા ભૂલી ગયા છે અને 'વિચારથી શું થાય ?' એવો પ્રશ્ન પૂછવા લાગ્યા છે. અમે તેમને જણાવવા ઇચ્છીએ છીએ કે વિચારથી સર્વ કંઈ થઈ શકે છે, કારણ કે સર્વ ક્રિયાઓનું મૂળ વિચારમાં જ રહેલું છે. જમીન પર ખેતી થઈ, બાગબગીચા બન્યા, મંદિર અને મહેલો રચાયાં, તે બધું વિચારથી જ થયું. દરિયામાં વહાણો દોડવા લાગ્યા, સ્ટીમરો સફર કરવા લાગી અને જલકિશ્તીઓ પાણીની ભીતરમાં પેસીને ગુપ્ત પ્રવાસ કરવા લાગી, એ પણ વિચારથી જ થયું. વળી આકાશમાં બલૂનો ઉડવા લાગ્યા,

વિમાનો ઝડપી મુસાફરી કરવા લાગ્યા તથા સ્પુતનિકો અને બાલચંદ્રો નિમિષમાત્રમાં સેંકડો માઈલનું અંતર કાપવા લાગ્યા એ પણ વિચારથી જ થયું. તેમજ નિબંધ, વાર્તા અને વિવેચનો, ગીત, ગરબા અને કાવ્યો, નૃત્ય, નાટકો અને ફીલ્મો તથા વિવિધ પ્રકારના વાદો અને સિદ્ધાન્તો એ પણ વિચારની જ પરિણતિઓ છે.

અમારાં જીવનમાં અમે વિચારનો ચમત્કાર અનેક વાર નિહાળ્યો છે. તેમાંના એક બે દૃષ્ટાંતો અહીં રજૂ કરવા ઇચ્છીએ છીએ. સને ૧૯૨૬ થી ૧૯૩૦ સુધી અમે અમદાવાદના શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાલયમાં મુખ્ય અધ્યાપક હતા, ત્યારે ગુજરાતી, ચિત્રકામ અને ધાર્મિક વિષયોનું શિક્ષણ આપતા હતા. તે વખતે એક વાર પ્રાથમિક ધોરણના વિદ્યાર્થીઓને પ્રશ્ન પૂછ્યો કે 'અભયકુમારની વાત કોણ જાણે છે?' ઉત્તરમાં એક પણ હાથ ઊંચો થયો નહિ. ફરી અમે પ્રશ્ન કર્યો કે 'ધન્નાશાલિભદ્રની વાત કોણ જાણે છે?' પરંતુ તેનો ઉત્તર પણ એવોજ મળ્યો. તે વખતે અમારાં મનમાં એક વિચાર સ્ફુર્યો કે જો આ વિદ્યાર્થીઓને સરળ ભાષામાં આપણી કથા-વાર્તાઓ આપીએ તો જરૂર તેઓ રસપૂર્વક વાંચે અને આપણો મહામૂલો વારસો સચવાઈ રહે. એ વખતે અમે એક પણ પુસ્તક લખ્યું ન હતું, છાપખાનું જોયું ન હતું કે પ્રકાશનનો વિધિ જાણતા ન હતા. પરંતુ વિચારની બલિહારી છે. તેણે અમારી પાસે **શ્રી રીખવદેવ** નામનું પુસ્તક લખાવ્યું, તે છપાયું અને પ્રસિદ્ધ પણ થયું. તેમાંથી બીજાં ઓગણીસ

પુસ્તકો રચવાનો વિચાર આવ્યો અને વીશ પુસ્તકોની એક શ્રેણી તૈયાર થઇ, જે **બાળગ્રંથાવળીની પ્રથમ શ્રેણી** તરીકે પ્રસિદ્ધિ પામી. એ વિચારની પરંપરા ચાલુ રહેતાં બીજી પણ પાંચ શ્રેણીઓનું પ્રકાશન થયું અને **બાળગ્રંથાવળીનાં ૧૨૦ પુસ્તકો** રચાયાં. તેમાંથી ભારતવર્ષના મહાપુરુષોની જીવન-કથાઓ તથા સૌંદર્યસ્થાનોનો પરિચય કરાવવાનો વિચાર ઉદ્‌ભવ્યો અને **વિદ્યાર્થીવાચનમાળાનાં ૨૦૦ પુસ્તકોની** દશ શ્રેણીની યોજના આકાર પામી. આમાંનાં ૧૮૦ પુસ્તકોનું અમે સંપાદન કર્યું તથા ૮૧ પુસ્તકો જાતે લખ્યાં. આ રીતે લેખનની ધારા ચાલતી જ રહી. આજે અમારી નાની મોટી રચનાઓનો આંકડો ૨૯૮ સુધી પહોંચ્યો છે. એક નાનકડા વિચારનું કેટલું મોટું પરિણામ ?

આ પુસ્તકો રચતી વખતે શ્રીમદ્‌ રાજચંદ્રનું જીવન લખવાનો પ્રસંગ આવ્યો, ત્યારે તેમની અદ્‌ભુત અવધાન-શક્તિએ અમારું આકર્ષણ કર્યું અને અમને પણ તેમના જેવા શતાવધાની થવાનો વિચાર આવ્યો. એ વિચારનું અમે વારંવાર રટણ કર્યું, તેમાંથી પ્રવૃત્તિ જન્મી, વચ્ચે વિઘ્નો આવ્યાં તેનો જય કર્યો અને છેવટે **શતાવધાની** થયા.

આધુનિક યુગના કેટલાક સમર્થ પુરુષોએ આ વિષયમાં જે પ્રયોગો કર્યા છે, તેનો પણ અમે પરિચય મેળવ્યો છે, તેથી જ ભારપૂર્વક કહીએ છીએ કે વિચાર એ કોઈ ફાલતુ કે નકામી વસ્તુ નથી, પણ મહાન ઘટનાઓ રૂપી ઇમારતોને ચણનારી નક્કર ઈંટો છે, એટલે તેનું આલંબન અવશ્ય લેવું જોઈએ.

# રામતીર્થ બ્રાહ્મી તેલ

[ સ્પેશીઅલ નં. ૧ ]

રજીસ્ટર્ડ

**વાળ વધારવા, મગજ શાંત રાખવા, યાદશક્તિ સારી કરવા, શાંત નિદ્રા માટે, શરીરને માલીસ કરી સ્ફૂર્તિમાં લાવવા માટે દરેક ઋતુમાં દરેકને માટે ઉપયોગી છે. કિંમત મોટી બાટલીના રૂા. ૪-૦૦, નાની બાટલીના રૂા. ૨-૦૦**

---

**શરીર નીરોગી રાખવા માટે આકર્ષક યોગાસન ચિત્રપટ અમારે ત્યાંથી મંગાવશો. કિંમત પોસ્ટેજ સાથે રૂા. ૨-૫૦**

---

## શ્રી રામતીર્થ યોગાશ્રમ

દાદર, સેન્ટ્રલ રેલ્વે,

મુંબઈ-૧૪



Elegance in Velvet

Rich, smooth, feminine velvet. Such luxury near you. Cholis in 'ASHOK' velvet will bring you many pretty compliments.

Ashok

ASHOK VELVET MANUFACTURING CO. PRIVATE LTD.

FABRICS

Selling Agents: Messrs. V. Chatrabhuj & Co. Private Ltd.
M. J. Market, Bombay 2.

જેઓ શાળા કે કોલેજમાં જઇને અભ્યાસ કરે છે કે કાશી જેવા વિદ્યાધામમાં જઈને શાસ્ત્રજ્ઞાન મેળવે છે, પણ તેના પર બરાબર વિચાર કરતા નથી, તેની સ્થિતિ કેવી થાય છે? તે ચાર પંડિતોની વાર્તા પરથી સમજી શકાશે.

## ૧૩–ચાર પંડિતોની વાર્તા

ચાર બ્રાહ્મણ મિત્રો હતા. તેઓ કાશી ગયા અને શાસ્ત્રનો અભ્યાસ કરવા લાગ્યા. કાશીમાં દરેક વિષયના ધુરંધર પંડિતો રહ્યા, એટલે શાસ્ત્રજ્ઞાનનું પૂછવું જ શું? તેમણે બાર વર્ષ સુધી શાસ્ત્રજ્ઞાન સંપાદન કરી પંડિતની પદવી મેળવી અને પછી પોતાનાં પુસ્તકપાનાં લઈ સ્વદેશ ભણી પાછા ફર્યા.

તેઓ થોડું ચાલ્યા હશે, એવામાં બે માર્ગ આવ્યા, એટલે પ્રશ્ન ઉઠયો કે 'આમાંથી કયા માર્ગે જવું?' એ વખતે એક પંડિતને શાસ્ત્રવચન યાદ આવ્યું કે જે રસ્તે મહાજન થાય તે રસ્તે જવું.' પણ મહાજન કોને કહેવાય? તેનો મર્મ વિચાર્યો નહિ. એ વખતે ઘણા માણસોનો સમૂહ કોઈ વણિકપુત્રને દેન દેવા માટે સ્મશાનવાળા માર્ગે જઈ રહ્યો હતો, તેને મહાજન માની આ પંડિતો એ રસ્તે ચાલ્યા અને સ્મશાનભૂમિમાં આવીને ઊભા રહ્યા.

એ વખતે સ્મશાનભૂમિમાં એક ગધેડાને ઊભેલો જોઈ બીજા પંડિતને શાસ્ત્રવચન યાદ આવ્યું કે—

ઉત્સવે વ્યસને તેમ, દુર્ભિક્ષ શત્રુસંકટે;<br>
રાજદ્વારે સ્મશાને યે, જે ઊભે તે જ બાંધવ.

અહીં ઊભા રહેવાનો અર્થ સાથે ચાલે–સહાય રૂપ

થાય એ છે, પણ પંડિત મહાશયોએ તેનો અર્થ માત્ર ઊભો હોય એ જ કર્યો અને તેથી ગધેડાનાં ગળે બાઝી 'અહો બાંધવ! અહો બાંધવ!' એમ કહીને બંધુપ્રેમ દર્શાવવા લાગ્યા.

એવામાં ઝડપથી ચાલતો એક ઊંટ તેમની સમીપે આવ્યો, તે જોઈ ત્રીજા પંડિતે કહ્યું કે 'ધર્મની ગતિ ત્વરિત હોય છે,' એટલે આ સાક્ષાત્ ધર્મ જણાય છે અને 'ઈષ્ટને ધર્મની સાથે જોડવો' એ શાસ્ત્રનો આદેશ છે, માટે આપણે આ ઈષ્ટ ગધેડાને ઊંટની ડોકે બાંધવો જોઈએ. જોઈ લો શાસ્ત્રાદેશનો અમલ! એ પંડિતોએ ઊંટને ઊભો રાખી કોઈ પણ રીતે પેલા ગધેડાને તેની કોટે બાંધ્યો અને ત્યાંથી તેઓ આગળ ચાલ્યા.

એવામાં એક નદી આવી. તેમાં ખાખરાનું એક પાંદડું તણાતું જોઈને ચોથા પંડિતે કહ્યું કે 'આવશે વળી જે તે તો, તારશે તમને સદા' એવું શાસ્ત્રવચન છે, માટે મને તો આ પાંદડું જ તારશે. જેઓ આગળપાછળનો સંબંધ વિચાર્યા વિના શાસ્ત્રવચનોના અર્થ કરે છે, તેમના હાલ આવા જ થાય છે; પછી પેલા પંડિતે નદીના પ્રવાહમાં ઝંપલાવ્યું અને પાંદડાંને પકડવાનો પ્રયત્ન કર્યો. પણ પાંદડું એમ થોડું જ પકડાય? એ તો પાણીની છાલક લાગતાં આઘું ને આઘું જવા લાગ્યું અને પાણી ખૂબ ઊંડું આવતાં પંડિતજી ડૂબવા લાગ્યા.

તે જોઈને એક પંડિતે કહ્યું કે 'અહો! આ તો સર્વનાશનો પ્રસંગ ઉપસ્થિત થયો અને શાસ્ત્રવચન એવું

# પ્રગતિસૂચક આંકડાઓ

# ન્યૂ ઇન્ડિયા

## એકધારી પ્રગતિ કરી રહ્યું છે

| વર્ષ | પ્રીમિયમની સાફી આવક | કુલ ફંડ |
|---|---|---|
| ૧૯૫૫ | રૂ. ૪,૯૭,૪૯,૮૩૪ | રૂ. ૭,૦૬,૮૭,૭૩૩ |
| ૧૯૫૬ | રૂ. ૫,૬૩,૭૭,૯૬૨ | રૂ. ૭,૫૯,૮૨,૩૨૬ |
| ૧૯૫૭ | રૂ. ૬,૩૦,૨૮,૯૩૧ | રૂ. ૮,૪૯,૪૦,૮૨૬ |

કંપનીને ભારતમાં પ્રીમિયમની જે આવક મળે છે, લગભગ એટલીજ આવક તેના વિદેશમાંના કામકાજમાંથી તેને મળે છે. આ ઉત્તરોત્તર થતી પ્રગતિ કંપનીની કાર્યક્ષમતા તથા સેવાથી ગ્રાહકોને મળતા સંતોષનો જ્વલંત પૂરાવો છે. હવે પછી પણ અમારા માનવંતા ગ્રાહકોની એટલીજ કાર્યક્ષમતાથી સેવા કરવાનો અમે કોલ આપીએ છીએ.

**સલામતી * સેવા * સંતોષ**

**ભારતમાં મોટામાં મોટી જનરલ ઇશ્યોરન્સ કંપની**

**ધી ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ કંપની લીમીટેડ**
મહાત્મા ગાંધી રોડ, મુંબઈ




Telegram "PLATINUM"

with Best Compliments

# CHIMANLAL MANCHAND & CO.

Jewellers.

Appointed Jewellery Valuers to
Union Govt
of
INDIA

卐

Office :
7, Dhanji Street,
**Bombay.**
Phone : **28749**

Show Rooms :
New Queen's Road,
opp. Opera house, **Bombay.**
Phone : **30321**

છે કે જ્યારે સર્વનાશનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે અર્ધું ત્યજી દેનારો પંડિત ગણાય છે. માટે ચાલો આપણે એને અર્ધો તજી દઈએ અને અર્ધો ઉપાડી લઈએ.' એટલે તેમણે ડૂબતા પંડિતનું માથું ઉપાડી લીધું ને ધડ જવા દીધું! આ રીતે ચારમાંથી એક ઓછો થયો, એટલે બાકી ત્રણ રહ્યા.

આગળ જતાં એક ગામ આવ્યું, તેમાં આ ત્રણે પંડિતો દાખલ થયા. તેમને પંડિત જાણી ગામલોકોએ તેમનો સત્કાર કર્યો અને જમવાનું આમંત્રણ આપ્યું, તેનો સ્વીકાર કરીને આ ત્રણે પંડિતો જુદા જુદા યજમાનને ત્યાં જમવા ગયા. ત્યાં એક યજમાને સૂતરફેણી પીરસી. તેને દીર્ઘસૂત્રી (લાંબા તાંતણાવાળી) જોતાં જ પંડિતજીને યાદ આવ્યું કે દીર્ઘસૂત્રીપણું અનિષ્ટ છે, માટે આપણે આ મીઠાઈ વાપરવી નહિ. આથી તેઓ કંઈ પણ વિશેષ બોલ્યા વિના ઊભા થઈ ગયા. બીજા યજમાને ખાખરા પીરસ્યા. તેને ખૂબ મોટા જોઈ પંડિતજીને શાસ્ત્રવચનનું સ્મરણ થયું કે 'અતિ વિસ્તાર હોય ત્યાં જરૂર ઉત્પાત થાય છે,' એટલે આ અતિ વિસ્તારવાળી વસ્તુ મારે ખાવા લાયક નથી. તે જો મારા પેટમાં જશે તો જરૂર ઉત્પાત મચાવશે. એટલે તેઓ પણ વગર જમ્યે ઊભા થઈ ગયા. યજમાને પૂછ્યું કે 'પંડિતજી! આમ કેમ?' પણ પંડિતજીએ માત્ર એટલો જ જવાબ આપ્યો કે 'એમ જ.' હવે ત્રીજા પંડિતની શી સ્થિતિ થઇ તે પણ જોઈએ. તેને યજમાન તરફથી ગરમા ગરમ વડાં પીરસવામાં આવ્યાં. તેમાં સોયા વતી કેટલાંક કાણાં પાડેલાં હતાં. એ કાણાં જોતાં જ તેમને યાદ આવ્યું

કે 'જ્યાં બહુ છિદ્રો હોય ત્યાં અનર્થ થાય છે. માટે આ બહુ છિદ્રોવાળી વસ્તુથી સર્યું!' એટલે તેમણે પણ ભોજન કર્યા સિવાય ઊભા થઈને હાથ ધોયા અને યજમાનની વિદાય લીધી.

ત્રણે પંડિતની આ હાલત જોઈને ગામલોકો હસવા લાગ્યા અને 'ભણ્યા પણ ગણ્યા નહિ' એમ કહી મશ્કરી કરવા લાગ્યા. તે પંડિતો સ્વદેશ પહોંચ્યા, ત્યાં પણ તેમની હાલત આવી જ થઈ. એટલે જેમણે શાળા, કોલેજ કે પાઠશાળામાં જઈને વિદ્યાભ્યાસ-શાસ્ત્રાભ્યાસ કર્યો છે, તેમણે પણ પોતાને પ્રાપ્ત થયેલાં જ્ઞાન પર બરાબર વિચાર કરવો જોઈએ.


## ૧૪-બુદ્ધિના આઠ ગુણો કેળવવાની જરૂર

અધૂરી માહિતીઓ, અસ્પષ્ટ બોધ કે પાંગળું જ્ઞાન આપણને તારી શકે નહિ. એ માટે તો તત્ત્વજ્ઞાન એટલે નિશ્ચયાત્મક બોધની જ જરૂર પડે. એ તત્ત્વજ્ઞાન સુધી પહોંચવા માટે આપણા અનુભવી પુરુષોએ બુદ્ધિના આઠ ગુણો દર્શાવ્યા છે, તે આપણે બરાબર લક્ષમાં લેવા જેવા છે.

**शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा।**
**ऊहाऽपोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं धीगुणाः॥**

**શુશ્રૂષા** એટલે સદ્‌ગુરુની સેવા. તેનાથી તત્ત્વ જાણવાની ઈચ્છા કે જિજ્ઞાસા પ્રકટ થાય છે. જ્યાં ઈચ્છા કે જિજ્ઞાસા નથી, ત્યાં કોઈ પણ જાતનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય?

**શ્રવણ** એટલે સદ્‌ગુરુનો ઉપદેશ સાંભળવો, તેઓ હિતબુદ્ધિથી જે કોઈ વચનો કહે તેને કર્ણગોચર કરવા.




# 'STAR'
## GUINEA GOLD BARS
OF
## MANILAL CHIMANLAL & CO.

**FOR GLITTERING ORNAMENTS**

AVAILABLE IN 1 TOLA, 1/2 TOLA, 123 GRS. & 61½ GRS.

WE BUY OLD GOLD AND SILVER ORNAMENTS, AND OTHER ARTICLES.

PHONE 30898

**MANILAL CHIMANLAL & CO.**
188, SHROFF BAZAR BOMBAY 2

GRAM KAKALJI

# નેશનલ રીફાઈનરી પ્રાઈવેટ લીમીટેડ
ની N. R. છાપ ચાંદી
રીઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા, મુંબઈ;
બોમ્બે બુલીયન એસોસીએશન લી. મુંબઈ-૨
તેમજ
ઇન્ડિયા ગવર્નમેન્ટ મીન્ટ મુંબઈએ માન્ય રાખેલ છે.

**N. R. છાપ સીલ્વર નાઇટ્રેટ બનાવનાર અને વેચનાર.**

| લેબોરેટરી અને રીફાઈનરી | મર્ચન્ટસ બુલીયન મેલ્ટીંગ એન્ડ એસેઈંગ ડીપાર્ટમેન્ટ. |
|---|---|
| ૮૭, તારદેવ રોડ, મુંબઈ નં. ૭ | ધનજી સ્ટ્રીટ, મુંબઈ. ૩ |
| ફોન નં. ૪૨૭૯૫ | તાર : ARGOR |

વિશ્વવંદ્ય પ્રભુ મહાવીરનો મહામંત્ર અહિંસા
ભારતને ખૂણે ખૂણે અને અન્ય દેશોમાં

**અહિંસાપ્રચાર અને અભયદાનના**

વ્યાપક કાર્યો કરતી

**મુંબઈની શ્રી જીવદયામંડળીને સહાય કરી**

**— અભયદાનનું પુન્ય મેળવો. —**

રૂા. ૧૦૦૧), રૂા. ૫૦૧ કે ૨૫૧) સ્થાયી ફંડમાં આપી
અનુક્રમે મંડળના પેટ્રન, ડોનર કે લાઈફ મેમ્બર બનો.

**— ઐચ્છિક મદદો મોકલી સહાય કરો. —**

મદદ મોકલવાનું ઠેકાણું:—
માનદ મંત્રીઓ

**મુંબઈની શ્રી જીવદયામંડળી.**

૧૪૯, શરાફ બજાર, મુંબઈ-૨



પ્રામાણિકપણું એજ અમારો મુદ્રાલેખ છે.

**જુનામાં જુના જૈન ગાંધી**

કેસર, કસ્તુરી, અંબર, બરાસ, સોનાચાંદીનો વરખ, સોનાચાંદીનું બાદલું, દશાંગધૂપ, વાસક્ષેપ, ગોરુચંદન, શિલાજીત, ચંદન, ચંદન-તેલ, પીપરામૂળ, હીંગ, અગરબત્તી, કટોરી, અત્તર, તપસી આરામ બામ, શાંતિ ટોનીક પીલ્સ (કસ્તુરી અંબરની ગોળીઓ) તથા શાંતિસ્નાત્ર વગેરે અનુષ્ઠાનોનો સામાન મળવાનું સ્થાન:—

**શા. શાંતિલાલ ઓધવજીની કું.**

૩૧૭, જુમા મસજીદ ચોક, મુંબઈ નં. ૨
ટે. નં. ૨૭૫૨૩

**ગ્રહણ** એટલે કહેવાયેલાં વચનોને બરાબર પકડવાં. એક કાને સાંભળવું અને બીજા કાને કાઢી નાખવું, એને ગ્રહણ કર્યું કહેવાય નહિ.

**ધારણ** એટલે પકડેલી વસ્તુને ધારી રાખવી, યાદ રાખવી.

**ઊહ** એટલે સાંભળેલા, ગ્રહણ કરેલા તથા ધારેલા વિષયના સમર્થનમાં તર્ક અને દૃષ્ટાન્ત વિચારવા.

**અપોહ** એટલે શ્રુત, ગૃહીત અને ધારિત વિષયના અભાવમાં શી આપત્તિ, નુકશાન વગેરેને તર્ક–દૃષ્ટાન્તથી વિચારવું.

અહીં અમે સ્પષ્ટ કરવા ઇચ્છીએ છીએ કે આ જગતમાં માત્ર બે જ મનુષ્યોને પ્રશ્ન ઉઠતા નથી. એક તો જે પૂરે પૂરો જડ છે અને બીજો જે પૂરેપૂરો જ્ઞાની છે. તે સિવાયના સર્વ મનુષ્યોને પ્રશ્ન ઉઠવાના એટલે તેમનાં મનનું યોગ્ય સમાધાન થવું જ જોઈએ.

અહીં થોડી સ્વાનુભવની વાત કહીએ તો ઉચિત જ લેખાશે; અમે શાળામાં અભ્યાસ કરતા હતા, ત્યારે શિક્ષકોને પ્રશ્નો ખૂબ પૂછતા હતા. તેનું કેટલીક વાર યોગ્ય સમાધાન થતું અને કેટલીક વાર યોગ્ય સમાધાન થતું નહિ. ધાર્મિક વર્ગમાં પણ ઘણી વાર આવું બનતું, તેથી અમને એમ લાગતું કે આ પ્રશ્નોનો તેમની પાસે કોઈ જવાબ નથી, માટે અમને બેસાડી દે છે. તે જ વખતે અમારાં મનમાં એવી શંકા પણ ઉત્પન્ન થતી કે તેઓ જે કંઈ શીખવે છે, તે સાચું હોવાની ખાતરી શી ? એટલે પ્રશ્નોત્તર એ જ્ઞાનપ્રાપ્તિ

માટે અતિ મહત્ત્વની વસ્તુ છે, એવો સંસ્કાર અમારાં મન પર એ જ વખતથી પડેલો અને તે સમય જતાં ખૂબ દૃઢ બનેલો. તેથી જ મોટી ઉંમરે અમે વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાન આપવા માટે પ્રશ્નોત્તરી ભાગ પહેલા, બીજા તથા ત્રીજાની રચના કરી છે અને તે પાઠશાળાના તથા અન્ય વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી થઈ પડી છે. વળી અમે પ્રબોધટીકાનુસારી પંચપ્રતિક્રમણની સર્વોપયોગી આવૃત્તિ તૈયાર કરી છે, તેમાં પણ સૂત્રપરિચયપ્રસંગે પ્રશ્નોત્તરી આપી છે અને સ્મરણકલા તથા બીજી કૃતિઓમાં પણ જ્યાં જ્યાં વિષયને વધારે સ્ફુટ કરવાની જરૂર જણાઈ ત્યાં ત્યાં પ્રશ્ન અને ઉત્તરની યોજના કરી છે. આ રીતે અમે પોતે ઉહાપોહ, શંકા–સમાધાન કે પ્રશ્નોત્તરને ખૂબ મહત્વ આપીએ છીએ.

**અર્થવિજ્ઞાન** એટલે ઉહાપોહ દ્વારા અર્થના વિશિષ્ટ કે વિશદ જ્ઞાનની પ્રાપ્તિ. આપણને કોઈ પણ અર્થનું વિશદ જ્ઞાન ત્યારે જ થાય છે કે જ્યારે તેમાં ભ્રમ, સંશય અને વિપર્યય એ ત્રણ દોષો હોતા નથી.

**તત્ત્વજ્ઞાન** એટલે આ વસ્તુ આ જ પ્રકારની છે, એવો નિશ્ચયાત્મક બોધ.

બુદ્ધિના આ ગુણો કેળવી તત્ત્વજ્ઞાન સુધી પહોંચીએ અને તેના આધારે જીવનનું ધ્યેય સમજીને તે પ્રમાણે વર્તવાનો પ્રયત્ન કરીએ, તો આપણું જીવન સફળ થવામાં કોઈ સંદેહ નથી.

**इति शम् ।**

ફોન નં. ૭૦૫૬૬ ગ્રામ : "Budhisurma" Bombay

## અમારા માનવંતા કદરદાન ગ્રાહકોને

## * સમયસરની સૂચના *

**જુની અને જાણીતી બુઢીમાઈ સ્થાપિત ૧૦૦ વર્ષની પુરાણી પેઢી**

**મુંબઈ, ડુંગરી, પાલાગલીના જગપ્રસિદ્ધ**

# દાતુ મનજી પદમશી સુરમાવાલા

**રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક**

સુરમાઓ ખરીદતાં પહેલા માનવંતા ગ્રાહકોનું લક્ષ દોરીએ છીએ કે ભીંડીબજાર, મદનપુરા, શેખમેમન સ્ટ્રીટ, મુલજી જેઠા મારકીટ કે ઝવેરી બજારના લત્તામાં કોઈ પણ દુકાને અમારા સુરમાઓ વેચાતા મળતા નથી. નોંધી રાખશો કે અમારી જુની જાણીતી દુકાન ડુંગરી મધ્યે ૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, પાલાગલી, મુંબઈ નં. ૯ એ ઠેકાણે આવેલ છે.

## -: નકલી સુરમાઓથી સાવધાન રહો :-

### — સમયસરની ચેતવણી —

૧ અમારી બાટલીઓની પેકીંગ 'ગોળ' તેમજ બેઉ બાજુ કાગળની રજીસ્ટર્ડ માર્કની સીલ તથા અમારૂં નામ જોઇ તપાસી ખાત્રી કરી લેવી.

૨ અમારા કોઇ કેન્વાસર કે એજન્ટ નથી. ફક્ત અમારી એક જ દુકાને નીચેનાં ઠેકાણે મળે છે.

૩ બહાર ગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

૪ ફોન નં. ૭૦૫૬૬ કરશો તો સુરમો ઘેરબેઠા પહોંચાડવામાં આવશે.

૫ ડોકટરની મફત સલાહ મેળવો.

**સોમવારે પુરુષો માટે, ગુરુવારે સ્ત્રીઓ માટે સવારે ૧૦ થી ૧૧**

**-: અમારૂં એક જ ઠેકાણું :-**

**જગપ્રસિદ્ધ દાતુ મનજી પદમશી સુરમાવાલા**

૭૮, સેમ્યુઅલ સ્ટ્રીટ, ડુંગરી પાલાગલી, મુંબઈ નં. ૯

જૈન તત્ત્વજ્ઞાન તથા આચારને
સુંદર સરલ શૈલીએ રજૂ કરતી

# જૈન શિક્ષાવલી

## બીજી શ્રેણીનાં ૧૨ પુસ્તકો

સંવત ૨૦૧૬ ના માહ સુદિ પૂનમે પ્રગટ થશે. અગાઉથી લવાજમ ભરનાર માટે સ્થાનિક રૂા. ૫-૦૦. બહારગામ માટે રૂા. ૬-૦૦. તમારું લવાજમ આજે જ મ. ઓ. થી મોકલી આપો.

### પુસ્તકોનાં નામ

૧ સારું તે મારું
૨ જ્ઞાનજ્યોતિ
૩ દાનની દિશા
૪ કર્મસ્વરૂપ
૫ નયવિચાર
૬ સામાયિકની સુંદરતા
૭ મહામંત્ર નમસ્કાર
૮ કેટલાંક યંત્રો
૯ આયંબિલ રહસ્ય
૧૦ આહારશુદ્ધિ
૧૧ તીર્થયાત્રા
૧૨ સુધાબિન્દુ

★ જૈન સાહિત્ય-પ્રકાશન-મંદિર ★
લધાભાઈ ગુણપત બીલ્ડીંગ, ચીંચ બંદર, મુંબઈ-૯

ધી નવપ્રભાત પ્રેસ—અમદાવાદ.

સ્થા સં ૨૦૩૫ પુ નં મહુડા.